પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૩૯ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૧-૦૬-૨૦૨૩ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૭૩.૨૭% ટકા જાહેર કરવામાં આવ્યું : ગત વર્ષ કરતા ૧૩% ઓછું આવ્યું

અમદાવાદ,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ મહિનામાં લેવાયેલી ધો. ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું આજે પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. આ વર્ષે ૭૩.૨૭% પરિણામ આવ્યું છે, ગયા વર્ષ કરતાં ૧૩.૬૪ ટકા ઓછું છે. ગયા વર્ષે ૮૬.૯૧ ટકા રિઝલ્ટ હતું. ગત વર્ષે ૨૦૨૨માં ધો. ૧૨ સામાન્ય પ્રવાહના રિઝલ્ટમાં ૧૨ વર્ષનો રેકોર્ડ તૂટ્યો હતો.



ધો.૧૨ સામાન્ય પરિણામ જોઈએ તો સૌથી વધુ પરિણામનો જિલ્લો કચ્છ- ૮૪.૫૯ ટકા આવ્યું છે જયારે સૌથી વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર વાગધ્રા- ૯૫.૮૫, સૌથી ઓછું પરિણામ ધરાવતું કેન્દ્ર દેવગઢબારીયા- ૩૬.૨૮,૩૧૧ સ્કૂલોનું ૧૦૦ ટકા પરિણામ, વિદ્યાર્થીઓનું પરિણામ- ૬૭.૦૩ ટકા, વિદ્યાર્થિનીઓનું પરિણામ- ૮૦.૩૯ ટકા, વિદ્યાર્થિનીઓનું પરિણામ ૧૩.૩૬ ટકા વધુ, ૧૦ ટકા કરતા ઓછું પરિણામ ધરાવતી સ્કૂલોની સંખ્યા- ૪૪, દિવ્યાંગ ઉમેદવારની સંખ્યા- ૩૦૯૭, ૨૦ ટકા પાસિંગ સ્ટાન્ડર્ડથી પાસ થનાર દિવ્યાંગોની સંખ્યા- ૬૩૮, ખાનગી નિયમિત ઉમેદવારોના પરિણામની ટકાવારી- ૩૩.૮૬ ટકા રહી છે.

ભવ્ય ભટ્ટ નામના વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે, મારે ૮૧ ટકા આવ્યા છે. પરિવારમાં વધારે સભ્યો હોવાના કારણે હું દિવસે ભણવાને સમય ઓછો આપી શકતી હતી.જેથી આખી રાત જ વાંચતી હતી.સવારે સ્કૂલ અને ટ્યુશનમાં જે ભણાવે તે જ ભણતી હતી. મેં એકાઉન્ટ અને સ્ટેટ્સમાં વધારે ધ્યાન આપ્યું છે.જેમાં મારે સારા માર્કસ પણ આવ્યા છે.મારા પપ્પા કારખાનામાં નોકરી કરે છે. મારે હવે એમબીએ કરવું છે અને એચઆરમાં સારી જોબ કરવી છે.ઉદય મહેતા નામના વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે, મારે ૯૯.૬૯ પર્સન્ટાઈલ છે. રોજ ૧૦થી ૧૧ કલાક મહેનત કરતો હતો. મારા સ્કૂલ અને ઘરના સભ્યોનો સપોર્ટ ખૂબ સારો રહ્યો છે. મારા પિતા કર્મકાંડ વિધિ કરાવે છે. મારે હવે એલએલબી કરવું છે. દેશ માટે કઈ કામ કરવાની કરી ઈચ્છા છે.

ક્યાં વિષયમાં કેટલા ટકા પરિણામ : ગુજરાતી **(F.L.)** ૯૧.૯૯% ઈંગ્લીશ **(F.L.)** ૯૪.૩૮% હિન્દી **(S.L.)** ૯૪.૯૧% ઈંગ્લીશ **(S.L.)** ૮૭.૫૩% ઈકોનોમિક્સ ૮૮.૩૨% ઓર્ગ. ઓફ કોમર્સ ૯૦.૦૫% સંસ્કૃત ૮૫.૯૫% સ્ટેટિસ્ટીક ૫. ૮૩% ફિલોસોફી ૭૬.૬૯% સમાજશાસ્ત્ર ૯૨.૧૬% મનોવિજ્ઞાન ૮૮.૮૦% જીયોગ્રાફી ૯૦.૦૮%, એલિમેન્ટ્સ ઓફ એક્ટ.૮૬.૨૦% કોમ્પ્યુટર- ૮૬.૯૩% ૪૮૨ કેન્દ્રો પર ૪.૭૭ લાખ રેગ્યુલર સ્ટુડન્ટે પરીક્ષા આપી હતી.

માર્ચ ૨૦૨૩ની સામાન્ય પ્રવાહની પરીક્ષા રાજ્યના ૪૮૨ કેન્દ્રો ઉપર લેવામાં આવી હતી. જેમાં ૪,૭૯,૨૯૮ નિયમિત ઉમેદવારો નોધાયા હતા, જે પૈકી ૪,૭૭,૩૯૨ પરીક્ષાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા, તેમાંથી ૩,૪૯,૭૯૨ પરીક્ષાર્થીઓ ઉત્તીર્ણ થયાં છે. નિયમિત ઉમેદવારોનું પરિણામ ૭૩.૨૭% ટકા આવ્યું છે. જયારે અગાઉના વર્ષમાં ઉત્તીર્ણ ન થયા હોય તેવા રીપિટર ઉમેદવારો તરીકે ૨૯,૯૭૪ ઉમેદવારો નોંધાયા હતા, તે પૈકી ૨૮,૩૨૧ પરીક્ષા આપી હતી.જેમાં ૧૧,૨૦૫ ઉમેદવાર પાસ થયા છે. આમ રીપિટર ઉમેદવારોનું પરિણામ ૩૯.૫૬ % ટકા આવ્યું છે.

ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષામાં ૩૪,૫૩૩ ખાનગી નિયમિત ઉમેદવારો નોંધાયા હતા, જે પૈકી ૩૧,૯૮૮ પરીક્ષાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમાંથી ૧૦,૮૩૦ પરીક્ષાર્થીઓ ઉત્તીર્ણ થયાં છે. ખાનગી નિયમિત ઉમેદવારોનું પરિણામ ૩૩.૮૬ % ટકા આવ્યું છે. અગાઉના વર્ષમાં ઉત્તીર્ણ ન થયા હોય તેવા ખાનગી રીપિટર ઉમેદવારો તરીકે ૧૨,૮૪૯ ઉમેદવારો નોંધાયેલા હતા, તે પૈકી ૧૧,૮૩૩ ઉપસ્થિત રહ્યા હતા. તેમાંથી ૩,૪૨૫ ઉમેદવાર પાસ થયા છે. આમ ખાનગી રીપિટર ઉમેદવારોનું પરિણામ ૨૮.૯૪ % ટકા આવ્યું છે. આ ઉપરાંત રાજ્યમાં આવેલી જુદી જુદી જેલોમાં રહેલા બંદીવાનોની પરીક્ષા જેલની અંદર પરીક્ષા કેન્દ્રની વ્યવસ્થા ઊભી કરીને લેવાઈ હતી. જેમાં કુલ ૫૬ બંદીવાનોએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૨૨ ઉમેદવાર પાસ થયા છે.

અગાઉ ધોરણ ૧૨ સાયન્સનું પરિણામ જાહેર થયું હતું. ત્યાર બાદ ધોરણ ૧૦નું પરિણામ જાહેર થયું અને આજે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થશે. અગાઉના પરિણામની જેમ જ વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઈટ તથા વ્હોટ્સએપ નંબર પર સીટ નંબર મોકલીને પરિણામ મેળવી શકશે. રાજ્યભરના ૪.૫૦ લાખ જેટલા અંદાજિત વિદ્યાર્થીઓએ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા આપી હતી. અગાઉ ધોરણ ૧૨ સાયન્સનું પરિણામ જાહેર થયું હતું. ત્યારથી વિદ્યાર્થીઓને પરિણામને લઈને આતુરતા હતી, જેનો હવે અંત આવ્યો છે.

૨૦૨૨માં ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું રેકોર્ડબ્રેક ૮૬.૯૧ ટકા પરિણામ આવ્યું હતું. જેમાં ૪ લાખ ૨૨ હજાર કરતાં વધુ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. ગત વર્ષે ડાંગ જિલ્લાનું સૌથી ઊંચું પરિણામ ૯૫.૪૧ ટકા અને વડોદરા જિલ્લાનું સૌથી ઓછું ૭૬.૪૯ ટકા પરિણામ આવ્યું હતું. જો કે, ૧૨ વર્ષની સરખામણીએ એટલે કે વર્ષ ૨૦૧૦થી વર્ષ ૨૦૨૨ના સમયગાળામાં પરિણામની ટકાવારી જોઈએ તો વર્ષ ૨૦૨૨નું પરિણામ અગાઉનાં તમામ વર્ષો કરતાં વધારે નોંધાયું હતું.

૨૦૨૨માં અમદાવાદ શહેરનું ૭૯.૮૭ અને ગ્રામ્યનું ૮૧.૯૨% પરિણામ આવ્યું હતું. અમદાવાદ શહેરમાં ૧૦૬ વિદ્યાર્થીએ છ૧ ગ્રેડ મેળવ્યો હતો. જયારે ગ્રામ્યમાં ૧૦૧ વિદ્યાર્થીએ છ૧ ગ્રેડ મેળવ્યો હતો. ૨૦૨૨માં રાજકોટ જિલ્લાનું ૮૮.૭૨ ટકા પરિણામ આવ્યું હતું. રાજકોટ જિલ્લામાં સૌથી વધુ ૯૯.૩૪ ટકા વાંગધ્રા કેન્દ્રનું અને સૌથી ઓછું રાજકોટ સેન્ટ્રલ જેલનું ૦ ટકા રિઝલ્ટ હતું. રાજકોટ સેન્ટ્રલ જેલમાં એક કેદીએ પરીક્ષા આપી હતી અને તે પણ ફેલ થતાં શૂન્ય પરિણામ આવ્યું હતું. રાજકોટ જિલ્લામાં A૧ ગ્રેડમાં ૪૦૨ વિદ્યાર્થી, A૨ ગ્રેડમાં ૨૫૫૮ વિદ્યાર્થી, B૧ ગ્રેડમાં ૪૧૬૬ વિદ્યાર્થી, B૨માં ૪૮૭૬ વિદ્યાર્થી, C૧ ગ્રેડમાં ૩૮૧૧ વિદ્યાર્થી, C૨ ગ્રેડમાં ૧૫૬૨ વિદ્યાર્થી, D૧ ગ્રેડમાં ૧૨ વિદ્યાર્થી અને ઈ૧ ગ્રેડમાં ૩ વિદ્યાર્થીનો સમાવેશ થયો હતો. સુરત બાદ રાજકોટ જિલ્લામાં A૧ ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા વધારે હતી.

## અમદાવાદમાંથી પકડાયેલા અલ-કાયદાના આતંકીઓએ સગીર સહિત બે લોકોનું બ્રેઈનવોશ કર્યાનો ધડાકો

રાજકોટ,

તાજેતરમાં જ અમદાવાદના નિકોલમાંથી એટીએસે ઓપરેશન પાર પાડીને ચાર જેટલા બાંગ્લાદેશી આતંકીઓની ધરપકડ કરી હતી જેમના દ્વારા ગુજરાતના યુવાનોને કટ્ટરપંથી બનાવવા માટે બ્રેઈનવૉશ સહિતની હિન પ્રવૃત્તિ કરવામાં આવતી હતી. આ આતંકીઓ ખૂંખાર આતંકી સંગઠન અલ-કાયદા સાથે જોડાયેલા હોવાનો ખુલાસો પણ થયો હતો. આ પછી એટીએસે ચારેયને રિમાન્ડ પર લીધા હતા જે પૂર્ણ થઈ જતાં ફરી રિમાન્ડ માટે રજૂ કરતા કોર્ટે છ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. દરમિયાન અત્યાર સુધીની પૂછપરછ દરમિયાન એવો ખુલાસો થયો છે કે આ આતંકીઓએ ગુજરાતમાં એક સગીર સહિત બે લોકોનું બ્રેઈનવૉશ કરી નાખ્યું છે !




એટીએસે કોર્ટ સમક્ષ જણાવ્યું કે પકડાયેલા આરોપી પૈકી મોહમ્મદ સોજીદમીયાએ બે લોકોના માઈન્ડ વોશ કર્યા છે જે પૈકી એક સગીર મળી આવ્યો છે અને તેનું નિવેદન પણ લઈ લેવામાં આવ્યું છે જ્યારે બીજી વ્યક્તિ કોણ તેની તપાસ ચાી રહી છે. આતંકીઓએ અલ-કાયદાના ફન્ડીંગ માટે બે લાખ જેટલી રકમ ગૂગલ-પે, પેટીએમ અને બેક્ક એકાઉન્ટ તથા એજન્ટ મારફતે બાંગ્લાદેશ મોકલી હોવાનો ખુલાસો થયો છે. જ્યારે આરોપી મહમ્મદ સોજીદમીયા પાસેથી ૨૭૫૦૦ રોકડ અને જહાંગીર પાસેથી ૪૬૧૫૦ કબજેકરવામાં આવ્યા છે. આ નાણાં ક્યાંથી અને કેવી રીતે મેળવ્યા તે મુદ્દે તપાસ શરૂ કરવામાં આવી છે.

એટીએસના અધિકારીઓએ લોખંડી પોલીસ બંદોબસ્ત વચ્ચે મોહમ્મદ સોજીદમીયા અહેમદઅલી ફકીર, જહાંગીર ઉર્ફે અિર્ફુલ ઈસ્લામ કકફીલુદ્દીન અંસારી, મુન્નો ખાલીદ અબ્સારી અને અબ્દુલ લતીફ ઉર્ફે મોમીનુલ ઝુલહાસઉદ્દીન મુસ્લિમને કોર્ટમાં રજૂ કર્યા હતા જ્યાં સરકારી વકીલ જયેશ યાદવે આરોપીઓના વધુ રિમાન્ડ માંગતી અરજી અંગે દલીલ કરતાં જણાવ્યું હતું કે આરોપીઓ અલ-કાયદાના પ્રચાર, પ્રસાર અને ફન્ડીંગ માટે એપ્રિલ-૨૦૧૯થી ગેરકાયદેસર રીતે ઘૂસી આવ્યા હતા અને તેમની સાથે બીજું કોઈ પણ આવ્યું છે.

આરોપીઓએ જુદી જુદી ટી-શર્ટ બનાવતી ફેક્ટરીઓમાં નોકરી કરી હતી એટલા માટે ત્યાંના કોઈ વ્યક્તિની સંડોવણી છે કે કેમ ? આરોપીઓએ આતંકી સંગઠનના બીજા કોઈ વ્યક્તિઓ સાથે મળી કોઈ ઘટનાને અંજામ આપવા કાવતરું ઘડ્યું છે કે નહીં ? આરોપીઓ બાંગ્લાદેશ અથવા ભારતમાં અન્ય કોઈ ગુનામાં ઝડપાયા છે કે કેમ ? આરોપીઓને ઘૂસણખોરી કરાવવા ત્રિપુરા બોર્ડર નજીક રહેતા જ્યોર્જે, જીવણ સહિતના વ્યક્તિઓએ મદદગારી કરી હતી અને સીમકાર્ડ આપ્યા હતા જેની તપાસ માટે ત્રિપુરા જવું પડે તેમ છે, આરોપીઓ પાસેથી કબજેકરાયેલા આધારકાર્ડ વટવાના સુમન નામના વ્યક્તિએ બનાવ્યું હતું જ્યારે પાનકાર્ડ હમીદે બનાવ્યું હતું તેમના પૂરા નામની જાણકારી મેળવવી જરૂરી બની જાય છે.

આ ઉપરાંત આરોપીઓએ ઈસ્માઈલ નામના બાંગ્લાદેશી વ્યક્તિને દિલ્હી સ્ટેશનથી અમદાવાદ લાવી નોકરી આપી હતી તો ઈસ્માઈલ ક્યાં છે ? તેની તપાસ થવી પણ જરૂરી છે.

## અમિત શાહની મણિપુરની મહત્વપૂર્ણ બેઠક, શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે ૫ મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા

ગુવાહાટી,

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ બુધવારે ભારત-મ્યાનમાર સરહદ પર મણિપુરના સરહદી શહેર મોરેહની મુલાકાત લેવાના છે, જેમાં છેલ્લા એક મહિનામાં ૮૦ થી વધુ લોકોના મોતનો દાવો કરનારા વંશીય સંઘર્ષ પછીના તણાવને ઓછો કરવાના પ્રયાસમાં છે. ઈમ્ફાલ પહોંચેલા અમિત શાહે કુકી અને મેઈતેઈ સમુદાયના વિવિધ નેતાઓ, ઉચ્ચ સુરક્ષા અધિકારીઓ અને મણિપુર કેબિનેટ સાથે વધી રહેલી જાતિ હિંસા રોકવા માટે બેઠકો કરી હતી. પૂર્વોત્તર ભારતના આ રાજયમાં શાંતિ પુનઃસ્થાપિત કરવાના ઉદ્દેશ્ય સાથે કેન્દ્રીય ગૃહમંત્રીએ મંગળવારે કુલ ૯ બેઠકો યોજી હતી, જેમાં સર્વપક્ષીય બેઠકનો સમાવેશ થાય છે.



મોરેહ નગર ચાલી રહેલી અશાંતિથી ખૂબ જ પ્રભાવિત છે, અને ગૃહ પ્રધાનની મુલાકાત બુધવારે સવારે ૧૦ વાગ્યાની આસપાસ શરૂ થઈ હતી, જ્યાં તેઓ કુકી નાગરિક સમાજ જૂથો સાથે વાટાઘાટો કરશે અને હાલના સુરક્ષા પગલાંનું મૂલ્યાંકન કર્યુ હિતું આ પછી, લગભગ ૧ વાગ્યાની આસપાસ અમિત શાહ કાંગપોકપી જિલ્લાની મુલાકાત લેશે, જે કુકી પ્રભુત્વ ધરાવતો વિસ્તાર છે, પરંતુ ત્યાં મેઈતેઈ સમુદાયના ઘણા ગામો પણ છે. કાંગપોકપી એ સંઘર્ષથી સૌથી વધુ પ્રભાવિત જિલ્લાઓમાંનો એક હતો, જ્યાં બંને સમુદાયોની ધાર્મિક ઈમારતો અને ઈમારતોને નિશાન બનાવવામાં આવી હતી.

ગૃહમંત્રી અમિત શાહના શાંતિ પુનઃસ્થાપિત કરવાના પ્રયાસો છતાં રાજ્યના કેટલાક ભાગોમાં અથડામણ ચાલુ રહી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર કાકચિંગ જિલ્લાના સુગનુમાં બળવાખોરો અને સુરક્ષા દળો વચ્ચે રાતભર ગોળીબાર થયો હતો. ઈમ્ફાલ પૂર્વના સગોલમંગમાં પણ હુમલો થયો હતો, જેમાં નાગરિકો ઘાયલ થયા હતા.લગભગ એક મહિના પહેલા રાજ્યમાં જાતિ હિંસા ફાટી નીકળી હતી જ્યારે 'આદિવાસી એકતા કૂચ'નું આયોજન કરવામાં આવ્યું હતું. પહાડી જિલ્લા આદિવાસીઓ દ્વારા આયોજિત આ કૂચ, મેઈટી સમુદાય માટે અનુસૂચિત જનજાતિ દરજ્જાની માંગના પ્રતિભાવમાં હતી. ત્યારપછી થોડા સમય બાદ થોડી શાંતી જોવા મળી હતી, પરંતુ એક પખવાડિયાથી થોડો વધુ સમય વીતી ગયા બાદ અચાનક છેલ્લા સપ્તાહના અંતે ફરીથી લડાઈ અને ગોળીબાર શરૂ થયો હતો.

કેન્દ્રીય ગૃહમંત્રી સાથે ગૃહ સચિવ અજય કુમાર ભલ્લા અને ઈન્ટેલિજન્સ બ્યુરોના ડાયરેક્ટર તપન કુમાર ડેકા પણ હાજર છે. મણિપુર કેબિનેટ સાથેની બેઠક પછી, રાજ્યમાં તાત્કાલિક શાંતિ અને સામાન્ય સ્થિતિને પુનઃસ્થાપિત કરવાના ઉદ્દેશ્ય સાથે પાંચ મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા, જેમાં કાયદો અને વ્યવસ્થામાં સુધારો, ઝડપી રાહત પગલાં, મૃતકોના પરિવારોને વળતરનો સમાવેશ થાય છે. હિંસા. અફવાઓ અને અફવાઓના ફેલાવાને રોકવા માટે કોમ્યુનિકેશન લાઈનને ફરીથી ખોલવી.

આદિવાસીઓ માટે અલગ રાજ્ય માટે ૧૦ આદિવાસી ધારાસભ્યોની માંગ અંગે અમિત શાહે ભારપૂર્વક જણાવ્યું હતું કે મણિપુરની પ્રાદેશિક અખંડિતતા સાથે સમાધાન કરવામાં આવશે નહીં. તેમણે નાગરિક સમાજના નેતાઓને શાંતિ પુનઃસ્થાપિત કરવામાં સક્રિય ભૂમિકા ભજવવા વિનંતી કરી અને વચન આપ્યું કે રાજકીય ઉકેલ ઝડપથી શરૂ કરવામાં આવશે.

આદિવાસી પ્રભુત્વ ધરાવતા ચુર્દાચંદપુર જિલ્લામાં એક બેઠક દરમિયાન અમિત શાહે નેતાઓને હિંસા પર કાબૂ મેળવવા વિનંતી કરી. તેમણે રાજ્યના આદિવાસી સમુદાયોને ટૂંક સમયમાં ૨૦ ટન ચોખાની રાહત આપવાની ખાતરી પણ આપી હતી. તેમણે રાજયમાં સામાન્ય સ્થિતિ પુનઃસ્થાપિત કરવા અંગે દરેકનો અભિપ્રાય પણ માંગ્યો હતો.

## મણિપુર હિંસા : ઓલિમ્પિક મેડલિસ્ટ મીરાબાઈ ચાનૂ સહિત ૧૧ ખેલાડીઓએ આપી પુરસ્કાર પરત કરવાની ચેતવણી

ઈમ્ફાલ,

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ હિંસા પ્રભાવિત મણિપુરના પ્રવાસે છે. આ વચ્ચે ઓલિમ્પિક સિલ્વર મેડલિસ્ટ એસ મીરાબાઈ ચાનૂ સહિત ૧૧ ખેલાડીઓએ મોટી જાહેરાત કરી છે. આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય પુરસ્તાક વિજેતા ખેલાડીઓએ મંગળવારે કહ્યું કે જો રાજ્યની ક્ષેત્રીય અખંડતા સાથે સમજુતી કરવામાં આવશે તો તે સરકાર તરફથી આપવામાં આવેલા પુરસ્કાર પરત આવી દેશે. આ ૧૧ ખેલાડી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને રાજયના પ્રવાસ દરમિયાન આ મુદ્દે આવેદન પત્ર સોંપશે.

એલ અનીતા ચાનૂ (ધ્યાનચંદ પુરસ્કાર વિજેતા), અર્જુન પુરસ્કાર વિજેતા એન કુંજારાની દેવી (પદ્મ શ્રી), એલ સરિતા દેવી અને ડબ્લ્યૂ સંધ્યારાની દેવી (પદ્મશ્રી પુરસ્કાર વિજેતા) અને એસ મીરાબાઈ ચાનૂ (પદ્મ શ્રી અને રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર વિજેતા) તે ૧૧ ખેલાડીઓમાં સામેલ છે.

અનીતા ચાનૂએ અહીં એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, 'જો અમિત શાહ અમને મણિપુરની અખંડિતતાની રક્ષા કરવાની ખાતરી નહીં આપે તો અમે ભારત સરકાર દ્વારા આપવામાં આવેલ એવોર્ડ પરત કરી દઈશું.' તેણે કહ્યું કે જો માંગ પૂરી નહીં થાય તો ભવિષ્યમાં ખેલાડીઓ ભારતનું પ્રતિનિધિત્વ નહીં કરે અને ઉભરતી પ્રતિભાને તાલીમ પણ આપશે નહીં.

આ ૧૧ ખેલાડીઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને સંબોધિત એક મેમોરેન્ડમ શાહને સુપરત કરવા ગયા હતા પરંતુ તેમ કરી શક્યા નહોતા કારણ કે કેન્દ્રીય ગૃહ પ્રધાન કુકી પીડિતો અને સંગઠનોને મળવા ચૂરાચંદપુર ગયા હતા. ચાનૂએ કહ્યું, 'અમે મેમોરેન્ડમની કોપી મુખ્યમંત્રી એન બિરેન સિંહને સુપરત કરી છે. તેમણે ચૂરાચંદપુરથી પરત ફર્યા બાદ સાંજે શાહ સાથે મુલાકાત ગોઠવવાનું આશ્વાસન આપ્યું છે. ત્યારબાદ અમે તેમને મેમોરેન્ડમ સોંપીશું.

## એક વર્ષમાં બેંકો સાથે લોન સંબધિત રૂ. ૨૮,૭૯૨ કરોડની છેતરપિંડી

મુંબઈ,

નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન બેંકો સાથે છેતરપીંડીના કિસ્સાઓની સંખ્યા ૪૯ ટકા વધી ૧૩,૫૩૦ રહી હતી. ગત વર્ષે કુલ ૯૦૯૭ છેતરપીંડીના કિસ્સાઓ નોંધાયા હતા.જોકે, આ ફ્રોડની રકમ ગત વર્ષે રૂ.૫૮,૮૧૯ કરોડ હતી જે માર્ચ ૨૦૨૩ના રોજ પુરા થયેલા વર્ષે ૫૫ ટકા ઘટી રૂ.૩૦,૨૫૨ કરોડ થઈ હોવાનું રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના વાર્ષિક અહેવાલ સાથે જાહેર થયેલી વિગતમાં બહાર આવ્યું છે. કુલ છેતરપીંડીના કેસમાં રકમની દ્રષ્ટિએ સૌથી વધુ પ્રમાણ લોન સંબંધિત છે. વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ રકમના ૯૫ ટકા કે રૂ.૨૮,૭૯૨ કરોડના કિસ્સાઓ લોન સંબંધિત ફ્રોડ હોવાનું રિઝર્વ બેંક નોંધે છે. રિઝર્વ બેંક અનુસાર મોટાભાગના છેતરપીંડી કિસ્સાઓની સંખ્યા ઈન્ટરનેટ કે કાર્ડથી થતા ડીજીટલ પેમેન્ટ સંબધિત છે. 'વિવિધ પ્રકારની છેતરપીંડીના કેસના આંકલન ઉપરથી બહાર આવ્યું છે કે સંખ્યાની દ્રષ્ટિએ સૌથી વધુ કેસ ખાનગી ક્ષેત્રની બેંકોમાં જોવા મળે છે પણ રકમની દ્રષ્ટિએ સૌથી વધુ કેસ જાહેર ક્ષેત્રની બેંકોમાં નોંધાયા છે,' એમ અહેવાલમાં જણાવ્યું છે. અહી નોંધવું જોઈએ કે આ કિસ્સાઓમાં માત્ર રૂપિયા એક લાખથી વધારાની છેતરપીંડી જ નોંધવામાં આવી છે. આ ઉપરાંત, એવું જરૂરી નથી કે છેતરપીંડી જે વર્ષે બેંકને જાણ કરવામાં આવી એ વર્ષમાં જ થઈ હોય. રિઝર્વ બેંકે નોંધ્યું હતું કે ગ્રાહકો પોતાની સાથે થયેલી છેતરપીંડીની ઘટનાની તરત જ જાણ કરતા નથી. 'નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ કિસ્સાઓમાંથી ૯૩.૭ ટકા આગળના વર્ષની ઘટનો હતી જ્યારે ૨૦૨૨-૨૩માં આ પ્રમાણ ૯૪.૫ ટકા રહ્યું છે.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં

સમીરભાઈ શંકરભાઈ ચૌહાણ

તરફથી અભીનંદન....

મુ. અંબાલી (રણછોડપુરા), તા. ગોધરા, જી. પંચમહાલ

## કર્ણાટક અને તમિલનાડુ પછી હવે મહારાષ્ટ્રમાં અમૂલ મિલ્કનો વિવાદ ઉભો થયો

મુંબઈ,

મહારાષ્ટ્રના મહેસૂલ, પશુપાલન અને દૂધ વિકાસ મંત્રી રાધાકૃષ્ણ વિખે-પાટીલે જણાવ્યું હતું કે, અમૂલ દૂધના આક્રમક વિસ્તરણના પડકારને પહોંચી વળવા રાજ્યના તમામ દૂધ સંઘોએ એક થવું જોઈએ. આ ઉપરાંત મંત્રી વિખે પાટીલે પણ મહારાષ્ટ્ર સરકારને અપીલ કરી હતી અને કહ્યું હતું કે, જે રીતે કર્ણાટક અને તમિલનાડુની સરકારોએ અમૂલ સામે નીતિ અપનાવી છે, મહારાષ્ટ્ર સરકારે પણ એ જ નીતિ અપનાવવી જોઈએ. ગોકુલ મિલ્ક યુનિયનના પ્રમુખ સાથે મહારાષ્ટ્રના દૂધના વ્યવસાય સામે આવી રહેલા પડકારોની ચર્ચા કર્યા બાદ વિખે પાટીલ રાજ્યના 'મહાનંદ' દૂધ સંઘ સાથે પણ ચર્ચા કરવા જઈ રહ્યા છે. થોડા સમય પહેલા, અમૂલ દૂધના આક્રમક માર્કેટિંગ સામે સ્થાનિક દૂધ બ્રાન્ડ 'નંદિની'ને બચાવવા માટે લોકો કર્ણાટકમાં રસ્તા પર ઉતરી આવ્યા હતા. આ પછી 'આવીન' દૂધ બ્રાન્ડને બચાવવા માટે તમિલનાડુમાં અમૂલ દૂધ વિરુદ્ધ અભિયાન શરૂ થયું. અમૂલ દૂધ સાથે સંલગ્ન આણંદ મિલ્ક યુનિયન લિમિટેડ પર આક્રમક માર્કેટિંગ કરીને અને દૂધ ઉત્પાદક ખેડૂતોને વધુ ચૂકવણીની લાલચ આપીને સ્થાનિક દૂધ બ્રાન્ડ માર્કેટને નષ્ટ કરવા માટે તત્પર હોવાનો આરોપ લગાવ્યો છે. અમૂલનું ટોન્ડ દૂધ ૫૪ રૂપિયા પ્રતિ લીટરમાં ઉપલબ્ધ છે, જ્યારે કર્ણાટકનું નંદિની દૂધ માત્ર ૩૯ રૂપિયા પ્રતિ લીટરમાં વેચાય છે. એ જ રીતે જો આપણે દહીં વિશે વાત કરીએ, તો જ્યાં એક કિલો અમૂલ દહીંની




કિંમત ૬૬ રૂપિયા છે, તો નંદિની દહીં માત્ર ૪૭ રૂપિયા પ્રતિ કિલોમાં મળે છે. આમ હોવા છતાં, શું કારણ છે કે કર્ણાટકનું નંદિની દૂધ અમૂલ દૂધથી જોખમમાં છે? ખરેખર, નંદિની દૂધ અને દહીંના ઓછા ભાવનું કારણ કર્ણાટકની રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતી સબસિડી છે. દૂધ અને દહીં સામાન્ય લોકો માટે આવશ્યક ઉત્પાદનો માનવામાં આવે છે, તેથી ત્યાંની સરકાર તેના ભાવને નિયંત્રિત કરવા માટે દૂધ ઉત્પાદકોને સબસિડી આપે છે. આ જ કારણ છે કે નંદિનીનું માર્કેટ માત્ર બેંગલુરુના ૭૦ ટકા મિલ્ક માર્કેટમાં જ નહીં પરંતુ ૭ રાજ્યોમાં પણ ફેલાયેલું છે. અમૂલનું માર્કેટ ૨૮ રાજ્યોમાં ફેલાયેલું છે. ૨૪ લાખ દૂધ ઉત્પાદકો નંદિની સાથે સંકળાયેલા છે, જ્યારે ૩૬.૪ લાખ દૂધ ઉત્પાદકો અમૂલ સાથે સંકળાયેલા છે. નંદિનીનું ટર્નઓવર ૧૯ હજાર કરોડનું છે, જ્યારે અમૂલનું ટર્નઓવર ૬૧ હજાર કરોડનું છે. આવી સ્થિતિમાં અમૂલ પૈસાના આધારે નંદિનીના અસ્તિત્વને ખતમ કરવાનો પ્રયાસ કરી રહી છે. તેથી જ કર્ણાટકમાં નંદિની બચાવો અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. તમિલનાડુમાં પણ અમૂલ સ્થાનિક બ્રાન્ડ 'આવીન'ના ઉત્પાદકોને ત્યાંના ખેડૂતો પાસેથી ઊંચા ભાવે દૂધ ખરીદીને અને વિવિધ પ્રલોભનો આપીને દૂધ વેચતા અટકાવી રહી હોવાનો આરોપ લાગ્યો છે. અમૂલે તમિલનાડુ બોર્ડર પાસે આંધ્રપ્રદેશમાં પ્લાન્ટ સ્થાપ્યો છે. આ પ્લાન્ટથી તે તમિલનાડુના માર્કેટમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યુ છે. તમિલનાડુ સરકારના ડેરી વિકાસ મંત્રી મનો થંગારાજે છટ્ટદ્દૈહ બ્રાન્ડને બચાવવા માટે ખેડૂતો પાસેથી દૂધની ખરીદ કિંમતમાં વધારો કરવાની જાહેરાત કરી છે. આ સાથે, અગાઉ જ્યાં ખેડૂતોને દૂધ માટે ૯૦ દિવસમાં ચૂકવણી કરવામાં આવતી હતી, હવે તેની સમય મર્યાદા પણ ઘટાડવામાં આવી રહી છે. આ એટલા માટે કરવામાં આવી રહ્યું છે કારણ કે અમૂલ દૂધ ઉત્પાદકો ખેડૂતોને ૧૦ દિવસમાં ચૂકવણી કરી રહ્યા છે. અમૂલે હવે મહારાષ્ટ્રમાં પણ તેના માર્કેટનું આક્રમક વિસ્તરણ શરૂ કર્યું છે. તેમની સાથે વ્યવહાર કરવા માટે, મહારાષ્ટ્રના દૂધ વિકાસ પ્રધાન રાધાકૃષ્ણ વિખે-પાટીલે દૂધ ઉત્પાદક સંઘોને એક થવા અને સરકારને કર્ણાટક અને તમિલનાડુની તર્જ પર સ્થાનિક દૂધ ઉત્પાદકોની તરફેણમાં રક્ષણાત્મક ભૂમિકા અપનાવવાની અપીલ કરી છે.

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## વિશ્વ તમાકું નિષેધ દિનની ઉજવણી નિમિત્તે શીતલ નર્સિંગ કોલીજ ખાતે માર્ગદર્શન આપવામાં આવ્યું

લુણાવાડા,

વિશ્વ તમાકુ નિષેધ દિનની ઉજવણી નિમિત્તે ઉંદરા પ્રા.આ.કેન્દ્ર ના તબીબી અધિકારી ડો.રિત્વીક કપાસીના માર્ગદર્શન હેઠળ તેમજ આયુષ તબીબ ડો.કલ્પેશ એમ. સુથારના અધ્યક્ષ સ્થાને તેમજ ચરણગામ સા.હેલ્થ એન્ડ વેલ નેસ સેન્ટરના કોમ્યુનિટી હેલ્થ ઓફિસર ગુંજન પટેલ તથા ચાપેલી HWCના પુરુષ આરોગ્ય કાર્યકર કમલેશભાઈ માચવંશી તથા પટ્ટણ પેટા કેન્દ્રના પુરૂષ આરોગ્ય કર્મચારી વિક્રમભાઈ બારીયા તથા સ્ત્રી આરોગ્ય કાર્યકર પાર્વતીબેન તડવી ત્યા આશા અને આશા બહેનોની હાજરીમાં શીતલ નર્સિંગ સંસ્થા ઘોડારિયા ખાતે તમાકું નિષેધ દિવસની ઉજવણીના ભાગ રૂપે તમાકું અને તમાકુની પ્રોડક્ટના



ઉપયોગ થી થતા નુકસાન અંગે તેમજ COTPA એક્ટ વિશે વિગતવાર માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું. તેમજ તમાકું અને તેના ઉત્પાદનું સેવન ન કરવા અંગે હાજર તમામે પ્રતિજ્ઞા લીધી. આ સાથે નર્સિંગ સંસ્થાના તમામ વિદ્યાર્થીઓને વર્લ્ડ મેન્સ્ટ્રુએશન ડે ની ઉજવણીના ભાગરૂપે માસિક સ્ત્રાવ અંગેની જાણકારી પૂરી પાડવામાં આવી. તેમજ માસિક સ્ત્રાવ વખતે થતી સામાન્ય સમસ્યાઓ અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું. તેમજ સેનેટરી નેપકિનનો યોગ્ય ઉપયોગ તેમજ તેનો યોગ્ય નિકાલ અંગે પણ માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું. તેમજ માસિક સ્ત્રાવ દરમિયાન કોઈપણ પ્રકારની સમસ્યા ઉત્પન્ન થાય તો તેવા સંજોગોમાં નજીકના આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઈ સારવાર કરવા અંગે પણ માહિતી પૂરી પાડવામાં આવી તેમજ યોગ સાથે જીવનમાં યોગ તેમજ પ્રાણાયામને દિનચર્યાનો ભાગ બનાવવા અંગે હાજર તમામ નર્સિંગ સ્ટુડન્ટ્સને માહિતી આપવામાં આવી. તેમજ યોગ અને પ્રાણાયામ સેશનનું આયોજન કરી અને દરેક નર્સિંગ સ્ટુડન્ટ દૈનિક દિનચર્યાના ભાગરૂપે યોગ તેમજ પ્રાણાયામ કરે તેમ જ સોપ્રથમ સ્વ તેમજ સ્વજન તેમજ સમુદાયને યોગ અને પ્રાણાયામ અંગે જાગૃત કરે તે માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

## ડેસર તાલુકામાં વાવાઝોડા સાથે વરસાદ પડતાં ઘર વખરીને નુકસાન





ડેસર,

ડેસર તાલુકામાં ગત રવિવારની સાંજે અચાનક વાતાવરણમાં પલટો આવતા ગાજવીજ અને ભારે પવન સાથે કમોસમી વરસાદ પડતા ભારે નુકસાન થવા પામ્યું છે. ભારે પવનના કારણે વીજપોલ અને વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. ૨૨ કલાક ઉપરાંત સમયથી વીજળી ડૂલ થઈ ગઈ હતી. ઉપરાંત ખેતીમાં પણ વ્યાપક નુકસાન થયું છે, તદુઉપરાંત લોકોના ઘરના પતરા હવામાં ફંગોળાયા હતા.

ડેસર તાલુકામાં રવિવારની મોડી સાંજે અચાનક વાતાવરણમાં પલટો આવતા ભારે પવન ફુંકાયો હતો. જ્યારે ભારે પવનના કારણે વીજળી દૂલ થઈ ગઈ હતી. ત્યારબાદ રાત્રિના ૦૯:૦૦ વાગ્યાના સુમારે ગાજવીજ અને ભારે પવન સાથે કમોસમી વરસાદ વરસ્યો હતો. જ્યારે ભારે પવનના કારણે ઘરના પતરા ઉડ્યા હતા. જેમાં પાંડુ, ડેસર, સાંઢાસાલ, લટવા વાઘાના મુવાડા વગેરે ગામોમાં લોકોના ઘરના પતરા ઉડ્યા હતા. જેમાં વાઘાના મુવાડા ગામમાં રવજીભાઈ દીપાભાઈ સોલંકી, પૂનમભાઈ રાયસીંગભાઈ સોલંકી, લાલાભાઈ જશવંતભાઈ સોલંકી, રંગીતભાઈ બલુભાઈ સોલંકી, જશવંતભાઈ તોતા ભાઈ સોલંકીના મકાનો ના પતરા હવામાં ફંગોળાયા હતા. તેઓને ભારે નુકસાન થવા પામ્યું છે. ઉપરાંત ગાજવીજ અને ભારે પવન સાથે કમોસમી વરસાદ પડતા પાકને પણ નુકસાન થવા પામ્યું છે. તદ્દઉપરાંત વીજ પોલ અને વૃક્ષો ધરાશાય થતા વીજળી દૂર થતા અંધારપટ છવાયો હતો. ૨૨ કલાક ઉપરાંત વીજળી દૂર થઈ ગઈ હતી.

## હાલોલ નગરમાં ઊભેલા ટાવરનું બાકી લેણું વસુલવા BSNLનો મોબાઈલ ટાવર ચીફ ઓફિસરે સીલ કર્યો

હાલોલ,

હાલોલ નગર વિસ્તારમાં બિલાડીના ટોપની માફક ટાવરો ઊભા થતાં હાલોલ નાં એક નાગરીકએ સદર ટાવરની પાલિકા માં માહિતી માંગતા પાલિકા ચોપડે માત્ર ૧૯ જ મોબાઈલ ટાવર નોંધાયેલા છે. જેથી કેટલાક બોગસ મોબાઈલ ટાવરો નગરમાં આવેલા હોવાનો ઘટસ્ફોટ થયો છે. હાલોલ નગર પાલિકા વિસ્તારમાં આવેલ ૩૦ થી વધારે મોબાઈલ ટાવરો ઉભા કરવામાં સૈદ્ધાંતિક કે તાંત્રિક મંજૂરી મેળવવામાં આવી છે કે કેમ ? અને આ મોબાઈલ ટાવરો પૈકી નગરપાલિકાના ચોપડે કેટલા ટાવર નોંધાયેલા છે? અને તેની બાકી વેરા વસુલાત કેટલી છે? આ સવાલોના જવાબો અંગે એક નાગરિક દ્વારા માહિતી માંગવામાં આવી હતી. જેથી કેટલાક બોગસ મોબાઈલ ટાવરો નગરમાં હોવાનો ભાડો ફૂટતાં



હાલનાં નગરપાલીકા ચીફ ઓફિસર દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

પાલિકાના ચોપડે માત્ર ૧૯ મોબાઈલ ટાવર નોંધાયેલા છે. અને ભૂતકાળમાં આ ટાવરોના લાખો રૂપિયાની વેરા વસુલાત કરવામાં પાલિકા નિષ્ક્રિય રહેતા હાલના ચીફ ઓફિસરે આવા મોબાઈલ ટાવરો ઉપરથી ટેલિકોમની સેવા આપતી મોટી કંપનીઓને બાકી વેરાની આડત્રીસ લાખ પંદર હજાર પાચ સો અગ્નોસિતેર રૂપિયાની ભરપાઈ કરી દેવા અંગે જાહેર નોટિસ ગત દિવસોમાં આપી હતી.

પાલિકાએ આવા ટાવરોનો ઉપયોગ કરતી ટેલિકોમ કંપનીઓને તાકિદ કરવામાં આવ્યાનાં એક અઠવાડિયાનો સમય વીતી જતાં હાલોલના એબીએસ નગર વિસ્તારમાં આવેલા મ્યુનિસિપલ આકારણી નંબર ૧૧/૨૧૭૯૬/૨ વાળો BSNLનો ટાવર કે જેનો પાંચ લાખ ઈકોતેર હજાર બસો સુળતાડીસ રૂપિયાનો વેરો બાકી હતો. તે મોબાઈલ ટાવરને બુધવારના રોજ એક્સનમાં આવેલ નગરપાલિકાનાં ચીફ ઓફિસરએ સીલ કરી તેની આકારણી રદ્દ કરવાની કામગીરી કરવામાં આવી હતી. આકારણી આધારિત લેવામાં આવેલ એમજીવીસીએલના વીજ જોડાણ રદ્દ કરવા અંગે પણ કાર્યવાહી કરવામાં આવી હતી. તદુપરાંત સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ બીજા કેટલાક તાવરોની પણ તપાસ હાથ ધરી કાર્યવાહી કરવામાં આવશે.

## શહેરાના લીબોદ્રા ગામે ખેતર માંથી ૯૧ હજારનો ઈંગ્લીશ દારૂ ઝડપી પાડયો

શહેરા,

શહેરા તાલુકાના લીબોદ્રા ગામના કોતરમાંથી પોલીસે રૂપિયા ૯૧,૨૦૦ નો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો. પોલીસે બુટલેગર સહિત અન્ય એક વ્યક્તિ મળીને કુલ બે સામે પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.

શહેરા પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર કિશોર ખરાડીને ખાનગી રાહે બાતમી મળેલ હતી કે તાલુકાના લિબોદ્રા ગામના કોતરમાં દારૂનો મોટો જથ્થો ઉતાર્યો છે. પી.આઈને મળેલ માહિતીના આધારે પોલીસ સબ ઈન્સ્પેક્ટર શૈલેષ ડામોરને અહીં રેઈડ કરવા માટે સૂચના આપી હતી. પોલીસ સબ ઈન્સ્પેક્ટર શૈલેષ ડામોર સ્ટાફ સાથે લીબોદ્રા ગામમાં આવેલા કોતરની ઘસમાં રેઈડ કરતા દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જોકે પોલીસ ને જોતા કોતરને પાસે આવેલ ખેતરમાં સુતેલ ઈસમ પથારી છોડીને અંધારા નો લાભ લઈ નાસી ગયો હતો. પોલીસ દ્વારા કોતર પાસેથી મળી આવેલ દારૂના જથ્થાને પોલીસ મથક લાવીને ગણતરી કરતા પ્લાસ્ટિકના ક્વોટરિયા નંગ ૯૧૨ જેની કિંમત રૂપિયા ૯૧,૨૦૦ નો મુદ્દામાલ સાથે બુટલેગર જયદીપ અર્જુન બારીયા રહે રેણા ગામ અને મણિલાલ રયજી પરમાર રહે લીબોદ્રા પરમાર ફળીયુ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

## શહેરાના લીમડી ચોકમાં બંધ બારણે રમાતા જુગાર સ્થળે રેઈડ કરી ૭ જુગારીયોને ઝડપ્યા

શહેરા,

શહેરા નગરના લીમડી ચોક વિસ્તારમાં બંધ બારણે પાનાપત્તાનો હારજીતનો જુગાર રમતા ૭ જુગારિયાને પોલીસે ઝડપી પાડી રૂ.૩૧,૫૨૦ નો મુદ્દામાલ કબ્જે લીધો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર શહેરા પોલીસ મથકના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ.એમ.ડામોરને ખાનગી રાહે બાતમીદાર દ્વારા બાતમી મળી હતી કે શહેરા નગરના લીમડી ચોક વિસ્તારમાં આવેલ એક મકાનમાં એક ઈસમ દ્વારા કેટલાક ઈસમોને ભેગા કરી બંધ બારણે પાનાપત્તાનો હારજીતનો જુગાર રમી રમાડી રહ્યો છે. જે ચોક્કસ બાતમીના આધારે પોલીસ સબ ઈન્સપેક્ટર એસ.એમ.ડામોર તેમજ પોલીસ સ્ટાફના માણસોએ લીમડી ચોક વિસ્તારમાં બાતમીવાળી જગ્યાએ જઈ રેઈડ કરતા ત્યાં બંધ મકાનમાં કેટલાક ઈસમો ગોળ કુંડાળુ કરી પૈસાથી પાનાપત્તાનો હારજીતનો જુગાર રમતા નજરે પડ્યા હતા. જોકે, આ જૂગારીયાઓ પોલીસને જોઈ ભાગવા જતા ૭ જેટલા જુગારીયાઓને પોલીસે પકડી પાડ્યા હતા. જ્યારે જુગાર રમાડનાર ઈસમ ત્યાં હાજર મળી આવ્યો ન હતો. પોલીસે ઝડપાયેલા ઈસમોની અંગઝડતી દરમ્યાન રૂ.૧૭,૧૦૦ તેમજ ૬ જેટલા મોબાઈલ ફોન જેની કિંમત રૂ.૯૦૦૦ જ્યારે દાવ ઉપર મુકેલ રૂ.૫,૪૨૦ અને ગંજી પાનાપત્તા નંગ ૫૨ મળી કુલ રૂ.૩૧,૫૨૦/- નો મુદ્દામાલ કબ્જે લીધો હતો અને આ સમગ્ર મામલે ઝડપાયેલ ૮ ઈસમો સામે જુગારધારાનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## દે.બારીયા શહેરના કસ્બા વિસ્તારમાં લો વોલ્ટેજની સમસ્યાનું નિરાકરણ કયારે થશે ???

દે.બારીયા,

દે.બારીયા શહેરમાં મધ્ય ગુજરાત વિજ કંપનીના દ્વારા વિજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. હાલમાં વિજ રેટમાં જંત્રી વધારો પણ કરાયો છે, પરંતુ તે પ્રમાણે વિજ વિભાગના દ્વારા ગ્રાહકોને જેટલી સુવિધા આપવાની હોય તે મુજબની સુવિધા કેમ આપવામાં આવતી નથી. તે યક્ષ પ્રશ્ન છે. છેલ્લા દોઢ બે માસથી કસ્બા વિસ્તારના જાની ફળીયા, ગલાલીયા કુવા પાસે, પારેખ શેરીમાં આ થ્રી ફેસની વિજ લાઈન પસાર થાય છે. ત્યાંના ઘરોમાં ધોળા દિવસે પંખા, કુલર ચાલતા નથી તો રાત્રીમાં કેવો હાલ હશે તે વિચારવા લાયક બાબત છે.

પ્રાપ્ત માહિતી મુજબ દે.બારીયા શહેરના કસ્બા, પારેખ શેરી, ગલાલીયા કુવા થઈ જાની ફળીયાના વિસ્તારમાં ઘરોમાં આ થ્રી ફેસ લાઈનમાં પણ પંખા, કુલર ઉપડતા નથી. લો વોલ્ટેજની સમસ્યા હલ કરવા પ્રયત્નો થશે ? ડીપીમાં કોઈ ફોલ્ટ હોય તો તેને નવી બદલવાની પણ માંગ ઉઠવા પામી છે. જેથી વિજ વિભાગના કાર્યપાલક ઈજનેરને લો વોલ્ટેજની ગંભીર સમસ્યાનો હલ કરવા માટે કેટલો સમય લાગશે તે તો આવનારો સમય બતાવશે.

## શહેરા સિંધી સોસાયટી ખાતે આવેલ ગુરૂનાનક મંદિર ખાતે અમૃતવેલા સુખમણી પાઠ સાથે ભજન કીર્તનનો ભાવિક ભક્તોએ લ્હાવો લીધો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા નગર વિસ્તારમાં સિંધી સોસાયટી ખાતે આવેલ ગુરૂનાનક મંદિર ખાતે ગુરૂમૂર્તિ શાંતિ સ્વરૂપ સાવિત્રી દેવી ઉદાસીજીની વરસી ઉત્સવ સાથે કથા અને ભજન કીર્તન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મંદિર ખાતે તારીખ ૨૯ થી ૩૧ મે સુધી અમૃતવેલા સુખમણી સાહેબ પાઠનું રસપાન બોમ્બે થી આવેલ દાદા રમેશ દયા રામાણી એ કરાવ્યું હતું. આ ધાર્મિક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સિંધી સમાજના ભાઈઓ અને બહેનો એ લ્હાવો લીધો હતો. સાથે મંદિર ખાતે ભંડારાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## શહેરાના નાડા ગામે કામ વગર માણસો ભેગા કરો છો તેમ કહેતા એક વ્યકિતને મારમાર્યો

શહેરા,

શહેરા તાલુકાના નાડા ગામે ઘર આંગણે કામ વગરના માણસો કેમ ભેગા કરો છો, તેમ કહેતા ૨ ઈસમો દ્વારા એક વ્યક્તિને માર મારવામાં આવતા નોંધાઈ ફરિયાદ.

પ્રાપ્ત વિગતો અનુસાર શહેરા તાલુકાના નાડા ગામે આવેલ કોલોની ફળિયામાં રહેતા સુખાભાઈ ભલાભાઈ બારીયાએ તે જ ફળિયામાં રહેતા નાનાભાઈ ગલાભાઈ બારીયાને કહેલ કે તું મારા ઘરના આંગણામાં કામ વગરના માણસો કેમ ભેગા કરે છે, તેમ કહેતા નાનાભાઈ બારીયાએ કહેલ કે હું મારા ઘરે ગમે તેને બોલાવું, તારૂં શું જાય છે. તેમ કહી માં બહેન સમાણી ગાળો બોલતા સુખાભાઈએ ગાળો બોલવાની ના પાડતા નાનાભાઈ બારીયા અને રેખાબેન બારીયાએ સુખાભાઈને ગડદાપાટુનો મારમારી મોટર સાયકલની રીંગ વડે મારમારી ઈજા પહોંચાડી હતી. ત્યારે આ સમગ્ર મામલે મનીષાબેન બારીયા એ શહેરા પોલીસ મથકે નાનાભાઈ ગલાભાઈ બારીયા અને રેખાબેન નાનાભાઈ બારીયા સામે ફરિયાદ નોંધાવી હતી.

## નવ મહિનાથી નાસ્તા ફરતાં પ્રોહીબિશનના વોન્ટેડ આરોપીને રાજગઢ પોલીસે ઝડપી પાડ્યો



ગોધરા,

પંચમહાલ જીલ્લા ઉચ્ચપોલીસ અધિકારીઓ દ્વારા પ્રોહીબિશનના ગુનામાં નાસ્તા ફરતા આરોપીઓને પકડવા સૂચના આપવામાં આવી હતી. તેના અનુસંધાને રાજગઢ પોલીસ વોચમાં હતા. ત્યારે રાજગઢ પોલીસ સ્ટેશનના PSI એમ.એલ. ગોહિલને બાતમી મળી હતી કે, પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા ૯ મહિનાથી નાસ્તો ફરતો આરોપી રામસિંગ વીરસિંગ રાઠવા પોતાના ગામ ઝોઝ મુકામે આવનાર છે. તેથી રાજગઢ પોલીસે તેના ઉપર વોચ રાખી તેના ઘરેથી આબાદ ઝડપી પાડ્યો હતો. આરોપી સાગટાળા પોલીસ સ્ટેશનનો અપરાધી હોય તેને સાગટાળા પોલીસને સોંપવામાં આવ્યો હતો.

## દાહોદના ગોધરા રોડ બુરહાની મંઝીલના ત્રીજા માળેથી ઘરમાંથી ૧.૮૪૨ કિલો ગ્રામ ગાંજા સાથે ઈસમને ઝડપ્યો

દાહોદ,

દાહોદ એસ.ઓ.જી. દાહોદની ટીમે પોતાને મળેલ નાટકોટીક્સ અંગેની બાતમીના આધારે દાહોદ શેહરના ગોધરા રોડ નુરબાગ ખાતેની બુરહાની મંઝીલમાં ત્રીજે માળે રહેતા એક યુવકના મકાનમાં રાત્રીના સવા દશ વાગ્યાના સુમારે ઓચીંતો છાપો મારી તેના ઘરમાંથી રૂા.૧૮ હજાર ઉપરાંતની કિંમતના ૧.૮૪૨ કિલો ગ્રામ વજનના સુકાલીલા કલરના પાન બીજવાળો ગાંજો તથા અન્ય વસ્તુઓ તેમજ એક મોબાઈલ ફોન મળી રૂા.૧૯,૪૨૦નો મુદ્દામાલ ઝડપી પાડી ઘરધણીની ધરપકડ કરી હોવાનું જાણવા મળ્યું છે. દાહોદ ગોધરા રોડ સ્થિત નુરબાગ ખાતેની બુરહાની મંઝીલ બીમાં ત્રીજે માળે મકાન નંબર ૨૦૫માં રહેતો સાકીરભાઈ અબ્બાસભાઈ ટીનવાલા નામનો યુવક પોતાના રહેણાંક મકાનમાં ગાંજાનું છુટક વેચાણ કરતો હોવાની બાતમી દાહોદ એસ.ઓ.જી. પોલીસને મળી હતી. જે બાતમીના આધારે દાહોદ એસ.ઓ.જી. પોલીસની ટીમે પરમ દિવસ તા.૨૯–૫–૨૦૨૩ના રોજ રાત્રીના સવા દશ વાગ્યાના સુમારે બાતમીમાં દર્શાવેલ સાકીરભાઈ અબ્બાસભાઈ ટીનવાલાના નુરબાગ ખાતેના બુરહાની મંઝીલમાં આવેલ રહેણાંક મકાનમાં ઓચિંતો છાપો મારી ઘરમાં તલાસી લઈ પાસ પરમીટ વગરનો રૂા.૧૮,૪૨૦ની કુલ કિંમતનો ૧.૮૪૨ કિલો ગ્રામ વજનનો સુકાલીલા પાન બીજવાળો વનસ્પતી જન્ય માદક પદાર્થ ગાંજો ઝડપી પાડી સાથે સાથે મકાનમાંથી લોખંડની કાટી સાથેના નાના ત્રાજવાની જોડ તેમજ ૨૦૦ ગ્રામ, ૧૦૦ ગ્રામ તથા બે ૫૦ ગ્રામ વજનના કુલ ૪ બાટ તથા સુકા ગાંજાની પડીકીઓ બનાવવા માટેની નાની પ્લાસ્ટીકની થેલીઓનું પેકેટ તથા રૂા. ૧૦૦૦ ની કિંમતનો સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન મળી રૂા. ૧૯,૪૨૦નો મુદ્દામાલ ઝડપી પાડી કબજે લઈ ઘરધણી સાકીરભાઈ અબ્બાસભાઈ ટીનાવાલાની ધરપકડ કરી સદર ગાંજાનો જથ્થો ક્યાંથી લાવ્યો ? કેટલા સમયથી ગાંજાનું વેચાણ કરે છે ? ગાંજો કોને કોને આપે છે ? ગાંજાના બાંધેલા ગ્રાહકો કેટલા અને કોણ કોણ તે બાબતની પુછપરછ હાથ ધરી દાહોદ એ ડિવીઝન પોલીસ સ્ટેશને આ સંબંધે ફરિયાદ દાખલ કરાવતા આ સંદર્ભે દાહોદ ટાઉન એ ડીવીઝન પોલીસે નુરબાગ બુરહાની મંઝીલમાં રહેતા સાકીરભાઈ અબ્બાસભાઈ ટીનવાલા વિરૂધ્ધ એન.ડી.પી.એસ. એક્ટ ૧૯૮૫ ની કલમ ૮(સી) ૨૦(બી) મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહગી હાથ ધરી છે.

## દાહોદ જીલ્લા માંથી ચાર પોલીસ અધિકારીઓની જીલ્લા બહાર બદલી કરાઈ

દાહોદ,

ગુજરાત પોલીસ મહાનિર્દેશક દ્વારા તાજેતરમાં ૪૭ જેટલા બિન હથિયાર ધારી પોલીસ ઈન્સ્પેક્ટર તેમજ ૧૨૭ જેટલા બિન હથિયારધારી પોલીસ સબ ઈન્સ્પેક્ટરોની સામૂહિક બદલીઓનો ગંજીફો ચીપવામાં આવ્યો છે. જેમાં દાહોદ જીલ્લામાંથી એક પી.આઈ તેમજ ત્રણ પોલીસ સબ ઈન્સ્પેક્ટરોની બદલીઓ કરવામાં આવી છે. જેના પગલે દાહોદ જીલ્લામાંથી ચાર જેટલા પોલીસ અધિકારીઓની જીલ્લા બહાર બદલીઓ કરવામાં આવી છે. ત્યારે અન્ય જીલ્લાઓમાંથી ત્રણ જેટલા પીએસઆઈઓની દાહોદ ખાતે બદલી કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત રાજ્ય પોલીસ મહાનિર્દેશક દ્વારા તાજેતરમાં ૪૭ જેટલા બિન હથિયારધારી પોલીસ ઈન્સ્પેક્ટરો તેમજ ૧૨૭ જેટલા પોલીસ સબઈન્સ્પેક્ટરોની સામૂહિક બદલીઓ કરવામાં આવી છે. જેમાં પેરોલ ફર્લોમાં ફરજ બજાવતા ધવલ.એમ. હરીપરાની રાજકોટ શહેર ખાતે બદલી કરવામાં આવી છે. ત્યારે તેમની જગ્યા ખાલી પડેલી છે. તદ્દઉપરાંત દાહોદ ગ્રામ્ય પોલીસ મથકમાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર દીનાબેન પટેલની અમદાવાદ શહેર ખાતે બદલી કરવામાં આવી છે. તો દાહોદમાં ફરજ બજાવતા પીએસઆઈ નરવતસિંહ પ્રતાપભાઈ સેલોટની પંચમહાલ ખાતે બદલી કરવામાં આવી છે. તો સાથે સાથે દેવગઢબારિયા પોલીસ મથકમાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સપેકટર બી.એમ. પટેલની ગુજરાત એ.ટી.એસ.માં બદલી કરવામાં આવી છે. ઉપરોક્ત ત્રણેય પીએસઆઈઓની જીલ્લા બહાર બદલીઓ કરવામાં આવતા તેમની જગ્યાએ વલસાડમાં ફરજ બજાવતા ગામીત રવિકુમાર જગુભાઈની વલસાડ ખાતેથી ખરાડી રાગિનીબેન ચંદ્રકાંતભાઈની ગાંધીનગર થી દાહોદ ખાતે બદલી કરાય છે, તેમજ ખેડા–નડિયાદ પોલીસ મથકમાં ફરજ બજાવતા બારૈયા ધનવાન રાજેન્દ્ર કુમારની દાહોદ ખાતે બદલી કરવામાં આવી છે. આમ ગુજરાત પોલીસ મહાનિર્દેશક દ્વારા સાગમટે કરાયેલી બદલીઓમાં ત્રણ પીએસઆઈ તેમજ એક પીઆઇ ની અન્ય જીલ્લામાં બદલી કરવામાં આવી છે, તો તેમની જગ્યાએ ત્રણ પીએસઆઈઓની દાહોદ ખાતે બદલીઓ કરવામાં આવી છે. જ્યારે પી.આઈ.ની જગ્યા હાલ પૂરતી ખાલી રાખવામાં આવી છે.

## દે.બારીયાના પી.એસ.આઈ. પટેલની બદલીનો હુકમ થઈ ચુકયો છે પરંતુ બદલી સ્થગીત કરવાના પ્રયત્નો જારી છે ???

દે.બારીયા,

દે.બારીયા શહેર અને તાલુકાના સબઈન્સ્પેક્ટર પટેલ ૧૦ મહિના પહેલા દે.બારીયા મુખ્ય પી.એસ.આઈ. તરીકે ધાનપુર પોલીસ સ્ટેશનથી આવ્યા હતા. ખાસ કરીને તેમના સમય દરમિયાન સાગટાળા આઉટ પોલીસ સ્ટેશનની હદમાં દારૂના બુટલેગરોએ અમદાવાદની પોલીસ ઉપર સુયોજીત જીવલેણ હુમલો થયો હતો. મળતી માહિતી અનુસાર દે.બારીયાના સબઈન્સ્પેક્ટર પટેલને એક વર્ષ પણ પુરો થયો નથી ને તેમની બદલીનો હુકમ મળી ચુક્યો છે. તેઓની અમદાવાદ તરફ બદલીનો ઓર્ડર થયા હોવાનો અહેવાલ પ્રાપ્ત થયા છે. તેઓ બદલીની જગ્યાએ સમય મર્યાદા ખતમ થયા પહેલા બદલની જગ્યાએ હાજર ક્યારે થાય છે. તે જોવાનું રહ્યું અંદરના મળતા સુત્રો અનુસાર તેઓ બદલીનો હુકમ સ્થગીત કરાવવા માટે ભરચક પ્રયત્નો પણ કરી રહ્યા છે. દે.બારીયા શહેરને અલવિદા કરવી પડશે તે આવનારો સમય બતાવશે.

## આપની આજ.......

મેષ : લવ લાઈફમાં નવી શરૂઆત થશે અને સંબંધો પણ મજબૂત બનશે. સામાજિક તથા રાજનૈતિક સીમા પણ વધશે. કાર્યક્ષેત્રમાં ધૈર્ય અને પ્રતિભા સાથે તમે દુશ્મન પર વિજય મેળવવામાં સફળ થશો.

વૃષભ : નવા કાર્યો શીખવામાં સફળતા મળશે. મહિલાઓ માટે આજનો દિવસ ખૂબ જ ઉત્તમ છે. કાર્યસ્થળ પર તમે તમારી વાત સાચી સાબિત કરી શકશો.

મિથુન : વ્યવસાયમાં થોડા પરિવર્તન જેવી સ્થિતિ બની રહી છે. ધાર્મિક પ્રવૃત્તિના લોકો સાથે મુલાકાત તમારા દષ્ટિકોણમાં આશ્ચર્યજનક અને પોઝિટિવ પરિવર્તન લાવશે. ધાર્મિક અને આધ્યાત્મિક કાર્યો પ્રત્યે તમારો રસ વધશે.

કર્ક : જીવનસાથીના કરિયરમાં પ્રગતિના કારણે પ્રસન્ન રહેશો. વ્યવસાયમાં તમારા સખત પ્રયત્નોથી ઈચ્છા પૂર્ણ થશે. આજે વ્યવસાયિક ગતિવિધિઓ ઘરે રહીને જ યોગ્ય રીતે શરૂ થઈ જશે. રોજગારી ક્ષેત્રે અવરોધ દૂર થશે.

સિંહ : આજે સપના સાકાર કરવાનો દિવસ છે, મહેનતથી કામ લેવું. તમને પૂર્વજો પાસેથી પૈસા મળે તેવી સંભાવના છે. આર્થિક સ્થિતિમાં સુધારો થશે, પરંતુ ખર્ચા પર નજર રાખો. ઠંડા-ગરમ વાતાવરણના કારણે ગળમાં તકલીફ રહેશે.

કન્યા : જીવનસાથીનો સહયોગ તમારા મનોબળને જાળવી રાખશે. ભાગદોડ કરવાની જગ્યાએ શાંતિથી કામ પૂર્ણ કરવાની કોશિશ કરો. આજે માનસિક રૂપથી ખૂબ જ સંતોષજનક સમય છે.

તુલા : મિત્રોની સહાયથી અટકેલા કાર્યો પૂરા થશે અને નવા સારા મિત્રો પણ મળી શકશે. વ્યવસાયમાં હાલ વધારે સુધારની જરૂરિયાત નથી. ધાર્મિક અને અધ્યાત્મિક ક્ષેત્રમાં તમારો રસ વધવાથી તમારા વિચાર પણ પોઝિટિવ અને સંતુલિત રહેશે. વ્યસ્તતા વચ્ચે તમે લવ લાઈફ માટે સમય આપશો.

વૃશ્ચિક : ધનલાભના યોગ છે. અન્યની સલાહ લેવાની જગ્યાએ પોતાના મનનો અવાજ સાંભળો અને તેના ઉપર અમલ કરો. વિદ્યાર્થીઓને ગુરુના ટેકાથી ફાયદો થશે. જીવનસાથીને નવા ધંધાનો પ્રારંભ કરવા માટેનો સહયોગ મળશે.

ધનુ : રોજિંદા ભાગદોડથી થોડી રાહત મળશે. નબળાઈના કારણે પગમાં દુખાવાની પરેશાની રહેશે. આજે મોટાભાગનો સમય અધ્યાત્મક ગતિવિધિઓમાં પસાર થશે.

મકર : પાર્ટનરશિપને લગતાં વ્યવસાયમાં વિશેષ સાવધાની જાળવવાની જરૂરિયાત છે. અટવાયેલાં કે ઉધાર આપેલાં રૂપિયા પાછા મળવાની શક્યતા છે. વાતચીત કરીને તમે તમારું કામ કઢાવી શકશો. આજે જ્ઞાનવર્ધક તથા રોચક સાહિત્યમાં વિશેષ રસ રહેશે.

કુંભ : પારિવારિક વાતાવરણ પોઝિટિવ જળવાયેલું રહેશે. વિદ્યાર્થીઓને લગતાં કોઈ કામમાં સફળતા મળવાની પૂર્ણ સંભાવના છે. આ સમયે વર્તમાન ગ્રહ સ્થિતિ તમને અદભૂત શક્તિ પ્રદાન કરી રહી છે.

મીન : ખોવાયેલા પૈસા અથવા અટકેલા પૈસા મળશે. કોઈપણ મુશ્કેલ સમસ્યાનો ઉકેલ પરામર્શની શક્તિના આધારે પણ આવશે. આજે તમે કોઈ પણ શુભ કે ધાર્મિક કાર્યક્રમની વ્યવસ્થામાં વ્યસ્ત રહેશો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

## દાહોદ જીલ્લામાં વધુ એમ મહિલાને માર મરતો વિડીયો વાયરલ

# ફતેપુરામાં પરણિતાના પતિ અને સાસરીયા દ્વારા તેના પ્રેમીને જાહેરમાં માર માર્યો

ફતેપુરા,

ફતેપુરાના મારગાળામાં પ્રેમી સાથે પરિણીતા ગામમાં આવતા તેના પતિ અને ટોળાએ તાલિબાની સજા આપતો વિડીયો વાયરલ, મહિલાની સાડી કાઢી નાખી તેને સરેઆમ ઢસડી જવાના કરૂણ દ્રશ્યો કેમેરે કંડારાયા, સાડી પ્રેમીના માથે બાંધી દીધી.

દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાના મારગાળામાં પ્રેમી યુગલને ટોળા દ્વારા તાલિબાની સજા આપતો વિડીયો સોશ્યલ મિડીયામાં વાયરલ થતાં ચકચાર મચી ગઈ છે.પોલીસે વિડીયો જોઈને તે દિશામાં તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યુ છે પરંતુ આ વિડીયો આપોઆપ જ ઘણાં પ્રશ્નાર્થો ઉભા કરી રહ્યો છે. હાલ તપાસ શરૂ કરી હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે અને તેમાં ઉચ્ચ અધિકારીઓ પણ જોતરાયા છે.

પ્રાથમિક પ્રાપ્ત માહિતી પ્રમાણે ફતેપુરા તાલુકાના મારગાળામાં એક પરિણીતા તેના પ્રેમી સાથે ભાગી ગઈ હતી.થોડા દિવસો બાદ તે ગામમાં તેના પ્રેમી સાથે જ પરત ફરતાં ગામમાં જાણે આતંકનુ વાતાવરણ સર્જાયું હોય તેવુ વાયરલ વિડીયોમાં જોવાઈ રહ્યુ છે. આ પરિણીતાના પતિ તેમજ અન્ય લોકોના ટોળાએ પરિણીતાને રીતસર જમીન પર ઢસડી જતા હોવાનુ સ્પષ્ટ દેખાઈ રહ્યુ છે. ત્યારે મહિલાએ પહેરેલી સાડી પણ ખેંચી કાઢીને તેના પતિના માથે બાંધી દઈ તેમને માર મારવાનો પ્રયત્ન પણ કરવામાં આવી રહ્યો હતો. અભદ્ર ભાષા અને ગાળાગાલી પણ કરવામાં આવી હતી ત્યારે આવો વિડીયો વાયરલ થઈ જતાં ગ્રામ્ય વિસ્તારોમાં ખળભળાટ મચી ગયો છે.





તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

એક તરફ ટોળુ મહિલા અને તેના પ્રેમી સાથે મારઝુડ કરવાની કોશિષ કરે છે. ત્યારે એક વ્યક્તિ તો નાચી રહ્યો છે અને આ ઘટનાનો જાણે વિકૃત આનંદ માંણી રહ્યો હૉય તેમ વિડીયોમાં દેખાઈ રહ્યુ છે. કેટલીક મહિલાઓ વાચાર બનીને દુરથી તમાશો દેખી રહી છે અને પોતે એક મહિલાને બચાવી શકતી પણ નથી. ત્યારે જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં મહિલાઓની સામાજીક સ્થિતિ કેવી હશે તેનો ક્યાસ કાઢી શકાય છે. બીજો એક વ્યક્તિ કારબામાં કશુંક પ્રવાહી ભરીને ફરી રહ્યો હોય તેવુ પણ લાગી રહ્યું છે. તે કારબા માંથી પ્રવાહી ભરીને પીવડાવી પણ રહ્યો છે. ત્યારે તે પાણી છે કે કોઈ કેફી પીણું છે તે પણ પોલીસ માટે તપાસનો વિષય છે.

દાહોદ જીલ્લામાં આ પહેલાં પણ મહિલાઓને કે પ્રેમી પંખીડાઓને તાલિબાની સજા આપવાના વિડીયો વાયરલ થતા આવ્યા છે અને તેમાં ક્રુર અને વિકૃત રીતે મહિલાઓએને રંજાડવામાં આવતી હોવાનું જોવા મળ્યુ હતું. એક વિડીયોમાં તો પાડોશી સગાઓ સાથે વાત કરવાના મામલે તેના પતિએ મહિલાને જાહેરમાં લાકડીઓ ફટકારી અધમુઈ કરી નાખી હતી. ત્યારે આવી ઘણી લાલબત્તી સમાન ઘટનાઓ ઘટી ચુકી છે, પરંતુ તે થોડા કલાકો કે દિવસોમાં જ વિસરાઈ જાય છે અને ફરીથી અંતરાલ બાદ તેવી જ ઘટના સામે આવે છે. ત્યારે સમજાય છે કે, જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાનિ સ્થિતિ કેવી છે.

મારગડા ગામ સુખસર ખાતે બનેલ મહિલા અત્યાચારના બનાવમાં આરોપી સમસુ ભાભોર અને તેના ભાઈઓ છે સમસુ ભાભોર ભોગ બનનાર મહિલા ચંદાબેન નો પતિ છે બંને આદિવાસી સમાજના છે અને ૧૦ વર્ષ નો લગ્ન જીવન છે અને હાલ ચાર બાળકો પણ છે જે તેના મામાના ઘરે રહે છે અને ભોગ બનનાર મહિલા ચંદાબેન છેલ્લા એક વર્ષ થી પોતાના પતિથી દૂર થઈ બાજુના ઝવેસી ગામના પુરૂષ કાંતિ સાથે છેલ્લા એક વર્ષ થી રહે છે. જેથી તેના પતિ અને ભાઈઓ દ્વારા આ બાબતની અદાવત રાખી લગ્ન માંથી તા.૨૮/૫/૨૩ રવિવારના સવારે ૧૦:૦૦ વાગે ભોગ બનનાર મહિલાને ઉપાડી પોતાના ગામે જઈને ભોગ બનનાર સાથે મારામારી કરવામાં આવેલ હતી. જે બાબતનો વિડિઓ વાયરલ થતા હાલ ભોગ બનનાર તથા આરોપીઓને સુખસર પોસ્ટે લાવી કાયદેસરની કાર્યવાહી કરવાનું ચાલુ છે. ત્રણ આરોપીને પણ હસ્તગત કરવામાં આવેલ છે.

## દાહોદ જીલ્લામાં ધો.૧૨ સામાન્ય પ્રવાહનું ૫૪.૬૭ ટકા પરિણામ આવ્યું

દાહોદ,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આજરોજ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના પરિણામની જાહેર કરવામાં આવી છે ત્યારે દાહોદ જીલ્લો આ સામાન્ય પ્રવાહના પરિણામમાં પણ ગુજરાત રાજ્યામાં સૌથી ઓછુ પરિણામ ધરાવતો જીલ્લો બની રહેવા પામ્યો છે. દાહોદ જીલ્લાનું આ વર્ષે સામાન્ય પ્રવાહનું ૫૪.૬૭ ટકા પરિણામ જાહેર થવા પામ્યું છે. જીલ્લામાં એવન ગ્રેડમાં માત્ર ૦૨ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. આ વર્ષે સામાન્ય પ્રવાહમાં જીલ્લામાં કુલ ૨૦૫૩૯ વિદ્યાર્થીઓ નોંધાંયા હતાં જે પૈકી ૨૦૩૭૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

દાહોદ જીલ્લામાં આ વર્ષે ગુજરાત રાજ્યામાં સૌથી ઓછુ પરિણામ જાહેર થવા પામ્યું છે. અગાઉ ધોરણ ૧૨ સાયસન્સ અને બાદમાં ધોરણ ૧૦ના પરિણામમાં પણ જીલ્લો સૌથી ઓછુ પરિણામ ધરાવતો જીલ્લો જાહેર થયો છે, ત્યારે આજરોજ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થતાં આ સામાન્ય પ્રવાહના પરિણામમાં પણ દાહોદ જીલ્લાનું સૌથું ઓછુ પરિણામ જાહેર થયું છે. જીલ્લાનું માત્ર ૫૪.૬૭ ટકા પરિણામ જાહેર થયું છે. આ વર્ષે માત્ર ૦૨ વિદ્યાર્થીઓનો એવન ગ્રેડમાં સમાવેશ થયો છે. એટુ ગ્રેડમાં ૧૪૩, બીવન ગ્રેડમાં ૮૫૦, સીટુ ગ્રેડમાં ૨૪૫૩, સીવન ગ્રેડમાં ૩૭૦૫, સીટુ ગ્રેડમાં ૩૪૨૧, ડી ગ્રેડમાં ૫૬૨ અને ઈવન ગ્રેડમાં ૦૪ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. દાહોદ જીલ્લામાં કુલ ૧૬ કેન્દ્રોના પરિણામોની વાત કરીએ તો કેન્દ્રો પ્રમાણે દાહોદ કેન્દ્રનું ૬૦.૦૧ ટકા, લીમખેડા કેન્દ્રનું ૪૪.૦૬, ગરબાડાનું ૬૯.૬૦ ટકા, કતવારાનું ૬૩.૨૫, જેસાવાડાનું ૬૨.૪૪, ઉકરડીનું ૮૪.૩૫, રાછરડા હિમાલાનું ૬૪.૨૧, અભલોડનું ૭૭.૬૩, દેવગઢ બારીઆનું ૩૬.૨૮, પીપલોદનું ૬૨.૭૩, ઝાલોદનું ૪૬.૨૬, લીમડીનું ૬૩.૮૬, સુખસરનું ૬૧.૬૦, કારઠનું ૭૦.૧૪, સાગટાળાનું ૪૦.૫૩ અને ફતેપુરા કેન્દ્રનું ૫૦.૪૫ ટકા પરિણામ જાહેર થયું હતું.

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત શાળાઓની વાત કરીએ તો એમ. વાય. હાઈસ્કુલનું ૫૯.૬૧ ટકા પરિણામ, નવજીવન ગર્લ્સ હાઈસ્કુલનું ૭૩.૩૯, લીટલ ફ્લાવર સ્કુલનું ૮૧.૫૭ અને સ્વનિર્ભર ઉચ્ચ માધ્યમિક શાળાનું ૭૦ ટકા પરિણામ જાહેર થયું હતું જેમાં આ શાળાઓમાંથી પ્રથમ પાંચ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીઓમાં નાચણીયા ભાવીકુમાર એમ. સોની અભિષેક એસ. ગાંગરડીવાલા શબ્બીર જે. ઉડવાણી પ્રતિક એન. વહોનીયા પ્રકાશ એન. વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

## દાહોદમાં સ્થિત બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલય ખાતે આરોગ્ય અધિકારીઓની ઉપસ્થિતિમાં વિશ્વ તમાકુ નિષેધ દિવસની ઉજવણી કરાઈ

દાહોદ,

આજ તા. ૩૧ મે વિશ્વ તમાકુ નિષેધ દિવસની ઉજવણી રૂપે તમાકુ નિયંત્રણ સેલ જીલ્લા પંચાયત દાહોદ, તાલુકા આરોગ્ય કચેરી દાહોદ અને બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલય દાહોદના સંયુક્ત ઉપક્રમે બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલ ખાતે ૩૧ મે વિશ્વ તમાકુ નિષેધ દિવસ ઉજવાયો.૩૧ મે વિશ્વ તમાકુ નિષેધ દિવસની ઉજવણી નિમિત્તે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.શિલ્પા યાદવ, એપડેમિક મેડીકલ ઓફિસર ડો.નયન જોષી, જીલ્લા રકતપિત



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

અધિકારીડો.આર.ડી.પહાડીયા, તાલુકા હેલ્થ ઓફિસર ડો.ભગીરથ બામણીયા, તેમજ પ્રજાપતિ બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલયના કપિલાબેન(દીદી), ગાયત્રી પરિવારના યોગેશભાઈની ઉપસ્થિતિમાં જયોત સળગાવી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો. જેમા વિવિધ મહાનુભાવો દ્વારા વકતવ્ય દ્વારા વ્યસન મુક્તિ અંગે સંદેશો આપવામાં આવ્યો.

તેમજ જાહેરમા હવે પછી કયારેય વ્યસન ન કરવા પ્રતિજ્ઞા લેવામા આવી. આ વખતે વિશ્વ આરોગ્ય સંસ્થાની થીમ ‘‘અમને ખોરાકની જરૂર છે, તમાકુની નહી’’ આમ કાર્યક્રમને સફળ બનાવવા તમામ અધિકારી કર્મચારીઓ અને સંસ્થાનો આભાર માનવામાં આવ્યો.



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

તા.૩૧-૦૫-૨૦૨૩ બુધવારના રોજ ઝાલોદ ગાયત્રી પરિવાર દ્વારા વિશ્વ વ્યસન મુક્તિ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સવારે ૯.૩૦ વાગે આ રેલી ઝાલોદ સરકારી દવાખાના થી લઈ નગરના વિવિધ માર્ગો પર વ્યસન મુક્તિના નારા સાથે યોજાઈ હતી. આ રેલીમાં આરોગ્ય કર્મચારીઓ, પોલીસ કર્મચારીઓ, સામાજીક તેમજ ધાર્મિક સંસ્થાઓ તેમજ નગરના આગેવાનો જોડાયા હતા.



ગાયત્રી પરિવાર દ્વારા લોકોને તમાકુ બીડી સિગરેટ દારૂ તેમજ નશીલા પદાર્થોનું સેવન ન કરવા અનુરોધ કરી લોકોમાં જાગૃતતા આવે તે માટે ફતેપુરામાં પોસ્ટરો અને સૂત્રો સાથે રેલી કાઢી લોકોને વ્યસન મુક્ત બનવા આહવાન કરવામાં આવ્યું હતું. વ્યસમુક્તિ અભિયાનની રેલીને ફતેપુરાના મામલતદાર આર.પી.ડીંડોરે પ્રસ્થાન કરાયું હતું. આ કાર્યક્રમમાં ગાયત્રી પરિવારના મહંત રામજી ગુરૂજી લોકોને વ્યસનમુક્તિ બનવા માટે આહવાન કર્યું હતું.

## સંરક્ષણ ક્ષેત્રની ભરતી પૂર્વેની ફ્રી નિવાસી તાલીમ માટે આગામી તા. ૫ જૂન સુધી રોજગાર કચેરી દાહોદને અરજી કરી શકાશે

દાહોદ,

ધો ૧૦ પછી સંરક્ષણ ક્ષેત્રે આર્મી,નેવી,એરફોર્સ તેમજ પેરામીલીટરી ફોર્સમા કારકિર્દી બનાવવા માંગતા ઉમેદવારોને ૩૦ દિવસની ફ્રી રહેવા,જમવા અને સ્ટાઈપન્ડ સાથેની નિવાસી તાલીમ યોજનામા જોડાવા માંગતા દાહોદ જીલ્લાના ઉમેદવારો પાસેથી તા.૫.૬.૨૦૨૩ સુધિ જીલ્લા રોજગાર કચેરી ,છાપરી દાહોદ દ્વારા અરજીઓ મંગાવેલ છે. ફ્રી નિવાસી તાલીમમાં જોડાવા માટે ધો ૧૦ મા ૪૫% થી વધુ હોય તેમજ ૧૭.૫ થી ૨૦ વર્ષની ઉંમર, ૧૬૮ સેમીથી વધુ ઉંચાઈ અને ૫૦ કિ ગ્રા વજન અને ૭૭ સેમી થી વધુ છાતી ધરાવતા અપરણીત પુરૂષ ઉમેદવારોએ કચેરીનો રૂબરૂ સંપર્ક કરીને નિયત અરજી ફોર્મ ભરવાનુ રહેશે. અરજી કરેલ ઉમેદવારોને તા ૦૫.૦૬.૨૦૨૩ બાદ સ્ક્રુટીની માટે બોલાવવામા આવશે, મેડીકલી અને ફીઝકલ ફીટ ઉમેદવારોમાંથી દાહોદ ખાતે ૬૦ ઉમેદવારોને ૩૦ દિવસની ૨૪૦ કલાકની શારીરિક અને બૌધ્ધિક લેખીત પરીક્ષાની નિવાસી તાલીમ આપવામા આવશે.

અન્ય ફીટ ઉમેદવારોને તેમની મંજુરીથી ગાધીનગર, ગાંધીધામ, ભુજ અને દાંતીવાડા બીએસએફ સેન્ટર ખાતે જીલ્લાની રોજગાર કચેરી દ્વારા ચાલતી બીએસએફ ભરતી પુર્વેની ૩૦ દિવસની નિવાસી તાલીમ માટે મોકલવામા આવશે તેમજ રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સીટી ,દહેગામ દ્વારા યોજાનાર અગ્નિવીર માટેની ફ્રી નિવાસી તાલીમ માટે મોકલવામા આવશે. તેમજ ગ્રમ્ય સ્તરે તાલીમ લેવા માંગતા ઉમેદવારોને સ્થાનિક તાલીમ માટે માર્ગદર્શન તાલીમ આપવામા આવશે. ઉક્ત ફીઝકલ અને લેખીત તાલીમ આપવા માંગતી અનુભવી સંસ્થા, શિક્ષક તેમજ ફેકલ્ટી,કો ઓર્ડીએટર પણ આ ફ્રી નિવાસી તાલીમમા જોડાવા માંગતા હોય તો તેઓની પાસેથી પણ અરજીઓ મંગાવવામા આવે છે. વધુ માહીતી માટે જીલ્લા રોજગાર કચેરી, ત્રીજો માળ, જીલ્લા સેવા સદન, છાપરી, દાહોદનો ડોકયુમેન્ટ સાથે સંપર્ક કરવા રોજગાર અધિકારી દાહોદની યાદીમાં જણાવેલ છે.

## ગરબાડા તાલુકામાં સાંસદ જશવંતસિંહ ભાભોરના હસ્તે ૭.૯૨ કરોડ ના ૮ ડામર રોડનું ખાત મુહુર્ત કરાયું



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગરબાડા તાલુકામાં સાંસદ જશવંતસિંહ ભાભોર તેમજ ગરબાડા ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોરના હસ્તે સીમલીયા બુઝર્ગ ગુલબાર ઝરી બુઝર્ગ ભરષડા નાદવા અને અભલોડ ખાતે ૭.૯૨ કરોડના ખર્ચે ૧૫.૫૬ કિ.મીના કુલ ૮ જેટલા ડામર રોડનું ખાત મુર્હૂત કરવામાં આવ્યું હતું. જેને લઈને નવીન રસ્તાઓનું ખાત મુર્હૂત કરાતા ગ્રામજનોમાં ખુશીની લહેર જોવા મળી હતી. નવીન ડામર રોડના ખાત મુહૂર્ત કાર્યક્રમમાં ગરબાડા તાલુકા પંચાયત પ્રમુખ મનીષાબેન ગણાવા, તાલુકા સભ્યો, જીલ્લા સભ્યો, સરપંચો, તેમજ આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## PHC કુવાબૈણાના આંગણવાડી કેન્દ્ર, ટીડકી ખાતે વિશ્વ માસિક સ્વચ્છતા દિવસની ઉજવણી



દાહોદ,

મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. શિલ્પા યાદવ અને તાલુકા આરોગ્ય અધિકારી ડો. કલ્પેશ બારીયાના માર્ગદર્શન હેઠળ પી.એચ.સી. કુવાબૈણા ખાતે વિશ્વ માસિક સ્વચ્છતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આજ રોજ તા. ૩૦/૦૫/૨૦૨૩ ને મંગળવારના રોજ પી.એચ.સી. કુવાબૈણાના આંગણવાડી કેન્દ્ર, ટીડકી ખાતે મેડિકલ ઓફિસર ડો.રાહુલ રાઠવા અને ડો.નિધિ સોલંકીના માર્ગદર્શન હેઠળ આંતરરાષ્ટ્રિય માસિક સ્વછતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

દરેક H&wellness center ના CHO, કુવાબૈણા PHC MPHS, MPHW અને FHW, RKSK કાઉન્સેલર કલ્પેશભાઈએ હાજર રહી કિશોરીઓને માર્ગદર્શન આપ્યું અને ડો.નિધિ સોલંકી દ્વારા કિશોરીઓનું હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું. જેમાં મેડિકલ ઓફિસર દ્વારા કિશોરાવસ્થાના પોષણ તેમજ માંદગી અને તેની એડોલેસન્ટ ક્લીનિકમાં આપવામાં આવતી સેવાઓ વિશે માહિતી આપવામાં આવી.

આ ઉપરાંત કિશોરીઓને માસિક અને માસિક દરમિયાન રાખવાની સ્વછતા અને પેડના યોગ્ય ઉપયોગ અને તેના યોગ્ય નિકાલ વિશે સમજાવવામાં આવ્યું તથા ફલાલીન કાપડના પેડ વિતરણ કરવામાં આવ્યા અને તમામ કિશોરીઓનું હેલ્થ સ્ટાફ દ્વારા ઇંઇ ટેસ્ટિંગ કરવામાં આવ્યું.

## સંજેલીના નાનાકળીયા ગામે પૈસાની લેવડદેવડમાં ઝગડામાં ધિંગાણું થતા બેને ગંભીર ઈજાઓ

દાહોદ,

પંચો રૂબરૂ નક્કી કરવામાં આવેલ પૈસાની લેવડદેવડના મામલે સંજેલી તાલુકાના નાના કાળીયા ગામે થયેલ ઝઘડામાં કુહાડી, ધારીયું, લાકડીઓ ઉછળતા એક મહિલા સહિત બે જણાને ગંભીર ઈજાઓ થયાનું જાણવા મળ્યું છે.

નાના કાળીયા ગામના તળાવ ફળિયામાં રહેતા વિજયભાઈ બાબુભાઈ નિસરતા તથા વૈભવભાઈ બાબુભાઈ નિસરતાએ પંચો રૂબરૂ નક્કી કરવામાં આવેલ પૈસા આપવાના નથી તેમ કહી હાથમાં ધારીયું તથા કુહાડી લઈ ઉર્મિલાબેન રામુભાઈ કલાભાઈ નિસરતાના ઘરો બાજુ આવી બેફામ ગાળો બોલી વૈભવભાઈ નિસરાએ તેના હાથમાંની કુહાડીની મુંદર ઉર્મિલાબેન નિસરતાને જમણા હાથે બાવળાના ભાગે તથા વિજયભાઈ નિસરતાએ ગડદાપાટુનો મારમારી તથા સવિતાબેન બાબુભાઈ નિસરતા તેમજ વૈશાલીબેન બાબુભાઈ નિસરતાએ છુટ્ટા પથ્થરો મારી માજમબેનને શરીરે ઈજાઓ કરી હતી તથા જાનથી મારી નાંખવાની ધાકધમકીઓ આપી હતી.

આ સંબંધે ઈજાગ્રસ્ત સવિતાબેન રામુભાઈ કલાભાઈ નિસરતાએ નોંધાવેલી ફરિયાદને આધારે સંજેલી પોલીસે નાના કાળીયા ગામના તળાવ ફળિયાના સવિતાબેન બાબુભાઈ નિસરતા, વિજયભાઈ બાબુભાઈ નિસરતા વિરૂધ્ધ ઈપિકો કલમ ૩૨૩, ૩૨૪, ૩૩૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### દાહોદ શહેરભરમાં રસ્તાની પહોળાઈની જાણકારી વગર સ્વૈચ્છાએ તોડાતા આડેધડ દબાણો કેટલે અંશે જરૂરી? :

## દાહોદમાં સ્માર્ટ સિટી અંતર્ગત બનનાર ૧૧ જેટલા સ્માર્ટ રોડની ધારાધોરણ મુજબની પહોળાઈ તંત્ર દ્વારાજાહેર કરવામાં આવે તેવી લોકમાંગ

દાહોદ,

દાહોદ શહેરમાં છેલ્લા ૨૫ દિવસથી ચાલી રહેલી મેગા ડિમોલિશનની કામગીરીને છેલ્લા કેટલાક દિવસથી કોઈને કોઈ કારણસર અચાનક બ્રેક લાગી જતા દાહોદના વેપારીઓ સહિત નગર જનોએ હાશકારો અનુભવ્યો છે. દાહોદ શહેરમાં તંત્ર દ્વારા સ્માર્ટ સિટીમાં નિર્ધારિત કરેલ ૧૧ રસ્તાઓ પર ડિમોડીશનની કામગીરીમાં ખરેખર રસ્તાઓ કેટલા પહોળા કરવાના છે. તે અંગેની નગરજનો પાસે કોઈ માહિતી ન હોવાથી હાલ નગરજનો પોતાના દબાણો દિશા વિહીન બની આડેધડ તોડતા જોવા મળી રહ્યા છે. જેથી કોઈનું પણ વધુ નુકસાન ન થાય તે માટે તંત્ર દ્વારા નિર્ધારિત કરેલા તમામ ૧૧ સ્માર્ટ રસ્તાઓ ની પહોળાઈ કેટલી નક્કી કરવામાં આવી છે. તે પ્રજા સમક્ષ મૂકવામાં આવે તેવી લોકમાંગણી ઉઠવા પામી છે.

દાહોદ સ્માર્ટ સિટી બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. ભૂગર્ભ ગટર, સ્ટ્રોમ વોટર વગેરેની કામગીરી પૂર્ણ કર્યા બાદ નિર્ધારિત કરેલા સ્માર્ટ રસ્તાઓની કામગીરી શરૂ કરવાની છે. ત્યારે સ્માર્ટ સિટી અનુરૂપ કાયદેસરના ધારા ધોરણ મુજબના પહોળા રસ્તા બનાવતા પહેલા તે કામમાં અડચણરૂપ કાચા પાકા ગેરકાયદે દબાણો હટાવવાજરૂરી થઈ પડતા આવા દબાણો તોડવાની કામગીરીનો આરંભ તારીખ ચોથી મેં ૨૦૨૩ ના રોજ શહેરના ગોધરા રોડ થી કરવામાં આવ્યો હતો. જે કામગીરી આગળ વધતા શહેરના સ્ટેશન રોડ, ગોદી રોડ, એમ.જી.રોડ, નેતાજી બજાર, પડાવ રોડ, નગરપાલિકા ચોક, એસવી પટેલ રોડ, ચાકલીયા રોડ, મંડાવાવ રોડ તેમજ રળીયાતી રોડ પરના કાચા પાકા દબાણો તોડી પાડવામાં આવ્યા છે. આ મેગા ડિમોલીશનની કામગીરીમાં શહેરના ૯ થી ૧૦ જેટલા ધર્મ સ્થળો પણ તોડી પાડવામાં આવ્યા છે. આ કામગીરીમાં શહેરના આંગળીના વેઢે ગણાય એટલા પાકા દબાણો કોઈ રાજકીય મોટા માથાની વગને કારણે મેગા ડિમોલીશન વચ્ચે પણ સહી સલામત રહ્યાના કથિત આક્ષેપો વચ્ચે ચાલી રહેલ ડિમોલિશનની કામગીરીને કોઈને કોઈ કારણસર અચાનક બ્રેક લાગી જતા દાહોદના વેપારીઓ સહિત નગરજનોએ હાશકારો અનુભવ્યો છે.

અત્યાર સુધી કરવામાં આવેલા ડિમોલિશન પહેલા વેપારીઓ તથા મિલકતદારોને નગરપાલિકા દ્વારા કાયદેસરની નોટિસ આપવામાં આવી હતી, પરંતુ તે નોટિસમાં કેટલું દબાણ હટાવવુ તેનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો. જ્યારે કેટલીક જગ્યાએ તો માત્ર મૌખિક સૂચના આપી માપણી મુજબનું દબાણ સ્વેચ્છાએ હટાવી લેવા જણાવાયું હતુ. આ સૂચના આપ્યા ને દસ દિવસથી પણ વધુ સમય થઈ ગયો છે. અને લોકો હજી પણ પોતાના દબાણો સ્વેચ્છાએ હટાવી રહ્યા છે. તંત્રદ્વારા નિર્ધારિત કરવામાં આવેલ ૧૧ જેટલા સ્માર્ટ રસ્તાઓની પહોળાઈ કેટલી નક્કી કરવામાં આવી છે. તે જણાવવું જરૂરી થઈ પડ્યું છે. તંત્ર દ્વારા આજ દિન સુધી કોઈપણ રોડની પહોળાઈ જાહેર કરવામાં આવી નથી. જેને કારણે ડિમોલિશનના મુદ્દે લોકો દિશા વિહીન બની સ્વેચ્છાએ આડેધડ દબાણો તોડી રહ્યા છે. આ બાબતે અમારા પ્રતિનિધિએ દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરીનો રૂબરૂ સંપર્ક કરી વાતચીત કરતા ધારાસભ્ય કનૈયાલાલે આ બાબતે કલેકટરને લેખિતમાં આપવાનું જણાવ્યું હતું. દાહોદમાં વેપારનું મુખ્ય કેન્દ્ર ગણાતા એમજી રોડ પર છેલ્લા દસ–બાર દિવસથી સ્વેચ્છાએ દબાણ હટાવવાની કામગીરી ચાલુ હોય આ વિસ્તારની તમામ દુકાનો બંધ રહેતા તમામ ધંધા રોજગાર ઠપ થઈ ગયા છે. સ્ટેશન રોડ પર પણ મોટાભાગની દુકાનો તોડી પાડવામાં આવતા સ્ટેશન વિસ્તારનું માર્કેટ પણ તૂટી પડ્યું છે આ મેગા ડિમોલીશનમાં ઓછામાં ઓછી ૫૦૦ દુકાનો તોડી પાડવામાં આવી છે. જ્યારે અંદાજે ૧,૦૦૦ થી વધુ પાકા મકાનોના ઓટલા અને ઝુકાટો તોડી પાડવામાં આવ્યા છે. દાહોદમાં આટલા મોટા પાયે ગેર કાયદેસર ઉભા કરાયેલા દબાણો માટે જવાબદાર કોણ? તે પ્રશ્ન આજે દાહોદમાં ટોક ઓફ ધ ટાઉન બનવા પામ્યો છે. ત્યારે હાલ તો આ માટે માત્ર ને માત્ર પાલિકા તંત્રને જ શહેરભરમાં જવાબદાર ઠેરવવામાં આવી રહ્યું છે. હાલ તો આ ડિમોલિશનની કામગીરી ચાલુ કરવામાં આવશે કે નહીં તે ચર્ચાઓએ પણ શહેરભરમાં ભારે જોર પકડ્યું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.239

# હાલોલના સાંઈપાર્ક અને પૂજાપાર્કની મહિલાઓ દ્વારા પાણી નહિ મળતાં પાલિકા કચેરી માટલા ફોડી વિરોધ કર્યો





હાલોલ,

હાલોલ પાલિકાના વિસ્તારના પૂજા પાર્ક અને સાઈ પાર્કમાં લાંબા સમયથી પીવાના પાણીની સમસ્યાનું સમાધાન ન થતાં માહિલાઓ દ્વારા પાલિકા અને હલ્લાબોલ કરવામાં આવ્યો.

હાલોલ પાલિકા વિસ્તારના પૂજા પાર્ક અને સાઈ પાર્કમાં પીવાના પાણીની લાંબા સમયથી સમસ્યા હોય અવારનવાર પાલિકામાં રજુઆત કરવામાં આવતાં પાલિકા દ્વારા ટેન્કર દ્વારા પાણી પુરું પાડવાની ખાતરી આપવામાં આવી હતી. તે મુજબ આજદિન સુધી પાણી પુરું પાડવામાં પાલિકા તંત્ર ધ્યાન નહિ આપતાં આજરોજ મહિલાઓ હાલોલ પાલિકા કચેરી ખાતે હલ્લાબોલ કરવામાં આવ્યો હતો અને પાલિકા ખાતે માટલા ફોડીને પોતાનો વિરોધ વ્યકત કર્યો.

# ગોધરા તાલુકાના પોપટપુરા ગામે ગણેશ મંદિર નજીકની નવી શરતના કાયદાનો સરેઆમ ભંગ

## રે.સર્વે નં.૫૫ વાળી નવી શરતની જમીન અન્ય ઈસમો વેચાણ કરતાં ચકચાર મચી જવા પામી

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં પ્રતિદિન નવા જમીન કૌભાંડો સામે આવતા હોય છે. ગોધરા તાલુકાના પોપટપુરા ગણેશ મંદિર પાસે આવેલ રે.સર્વે નં.૫૫ વાળી નવી શરતની જમીન કાયદાની વિપરતી મુળ માલિકના વાલી વારસોએ અન્ય ઈસમોને સમગ્ર પંથકમાં ચકચારી મચી જવા પામી છે.

ગોધરા તાલુકાના પોપટપુરા ગામે ગણેશ મંદિર પાસે રોડ ટચ આવેલ રે.સર્વે નં.૫૫ વાળી જમીના મુળ માલિક નોંધ નં.૪૭૧ના આધારે ૧૯૫૮માં પર્વત શિવાએ પોતાના દિકારને વેચાણ કરી આપેલ હતી અને આ જમીનમાં સમય જતા ત્રણ માલિકો બદલાયા હતા. તા.૨૯/૦૧/૧૯૯૬માં નોંધ નંબર ૨૧૯૮ થી વેચાણ આપી દીધી હતી. જેમાં શફીયા હારૂન દોલતી અને તેમના સગીર વાલી વારસો ઈમરાન દારૂન દોલતી, મહેમદ ઈકબાલ હારૂન દોલતી, સાદિક હારૂન દોલતી તેમના ભાઈ કાસીમ હારૂન દોલતી એ મળી તા.૨૫/૧૧/૧૯૯૮ નારોજ ગોધરા ફઝીલા તે સાબેરા મોહમ્મદ રસુલ મલાની દિકરીને શફી મોહમ્મદ યુસુફ પીઠાની પત્ની જે દોલતી પરિવારના વાલીવારસો સભ્યોને બજાર કિંમત કરતા પણ ઓછા ભાવે વેચાણ દસ્તાવેજ દર્શાવી વેચી દેતા ચકચાર મચી જવા પામી હતી. જમીન મહેસુલ જોગવાઈ મુજબ નવી શરત મુજબ મિલ્કત વેચાણ કરનાર તેમજ ખરીદનાર પણ ગુનેગાર સાબિત થાય તથા મિલ્કત ખાલસા થવાની શકયતાઓની જાણકારી હોવા છતાં વેચાણ દસ્તાવેજ કરી દેવાયો હતો. તેમાં પણ નવી શરતની વેચાણ દસ્તાવેજ થયેલ હોય તેમ છતાં ચાલતા ભ્રષ્ટ વહિવટના કારણે વર્ષ ૨૦૧૦માં આ એન્ટ્રી પ્રમાણિત થતાં મહેસુલ વિભાગમાં ચાલતા ખુલ્લા ભ્રષ્ટાચારને લઈ પ્રજામાં ભરોસો ગુમાવ્યો છે.

# ગોધરા સીટી મામલતદારનો ગુજરાત આયોગ કમિશ્નર દ્વારા ૧૦ હજારનો દંડ

ગોધરા,

જાહેર માહિતી અધિકારી પંચમહાલ, ગોધરા શહેરના મામલતદાર એમ.એમ.ભાભોર તેઓ આખું નામ મલશી મગનભાઈ ભાભોર પાસે અરજદાર દ્વારા નોંધના કાગળોની માંગણી જાહેર માહિતી અધિકારી કાયદા ૨૦૦૫ હેઠળ ઓનલાઈન કાગળોની માંગણી કરેલ પરંતુ અરજદાર દ્વારા કોઈ સંતોષકારક પ્રત્યુત્તર ના મળવાના કારણોસર અરજદાર લાંબાગાળેથી આવતા તે કોઈ માહિતી પુરી પાડેલ નથી. અરજદારને સમય મર્યાદા માહિતી પુરી નહિ પાડતા પ્રથમ અપીલ સત્તાઅધિકારી તા.૩/૯/૨૦૨ નારોજ દિન-૧૫માં માહિતી વિના મુલ્યે પુરી પાડવાનો હુકમ કરેલ પ્રથમ અપીલ ના હુકમની જાહેર માહિતી અધિકારી એમ.એમ.ભાભોર દ્વારા હુકમની અમલવારી ના કારતા અરજદાર દ્વારા પ્રથમ અપીલ અધિકારીને માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ની કાયદાનો સરેઆમ ભંગ કરેલ બાબતે ફરિયાદી એ આયોગમાં ફરિયાદ અરજી દાખલ કરેલ જેના અનુસંધાને તા.૫/૪/૨૦૨૩ નારોજ આયોગ દ્વારા વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સુનાવણી હાથ ધરવામાં આવેલ અરજદાર દ્વારા સુનાવણી દરમિયાન એમ.એમ.ભાભોર પાસે નોંધના કાગળો જે ઓનલાઈન હોય તેની માંગણી અનુંષાંગિક વિગેરેની કરેલી જાહેર માહિતી અધિકારી એમ.એમ.ભાભોર શહેર મામલતદાર સામે સુનાવણી નોટીસ મળ્યા બાદ તા.૨૪/૦૩/૨૦૨૩ના પત્રથી તેઓને જવાબ પાઠવવામાં આવ્યો હતો કે તેઓની કચેરી વર્ષ ૨૦૧૯માં અસ્તિત્વમાં આવી હતી અને મામલતદાર ગ્રામ્ય એસ.બી.નાયક દ્વારા તેઓને મળેલ રેકર્ડની ચકાસણી કરવાની હતી પરંતુ જાહેર માહિતી અધિકારી એમ.એમ.ભાભોર રેકર્ડ તપાસ કરતાં નોંધના કાગળો મળી આવેલ નથી. તેવું દ્વારા (શહેર મામલતદાર એમ.એમ.ભાભોર) દ્વારા પાછળના તમામ રેકર્ડ ઓનલાઈન ઉપલબ્ધ છે. પરંતુ ઈ-ધરા પૂર્વક ઓનલાઈન એન્ટ્રી ઉડાવી દેવામાં આવી છે અને અરજદારને આપવામાં આવેલ નથી અને જાહેર માહિતી અધિકાર અધિનિયમ કાયદા અને જોગવાઈઓનું પાલન કરવામાં આવેલ નથી. જે બદલ તેઓની સામે સદર કાયદા હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી કરવા ફરિયાદીએ રજુઆતો કરેલ છે. જાહેર માહિતી અધિકારી (શહેર) મલશી મગનભાઈ ભાભોર પ્રથમ દ્રષ્ટિએ જવાબદાર જણાય છે. તેવું ગુજરાત માહિતી અધિકારી કમિશન દ્વારા ફરિયાદ ૦૮૧૦/૨૦૨૨ હુકમ વિગતવાર દર્શાવવામાં આવેલ છે.

ગુજરાત આયોગ મંતવ્ય એવું છે કે, ૨૦૧૩નું કાયમી પ્રકારનું રેકર્ડ ન મળે તે કોઈ રીતે ચલાવી શકાય નહિ પરંતુ આ ચાલક અને ચતુર (શહેર) મામલતદાર એમ.એમ. ભાભોર દ્વારા (ગ્રામ્ય) મામલતદાર જાહેર માહિતી અધિકારી શીલાબેન ભેરૂસિંહ નાયક પાસે રેકર્ડ ના હોવા છતાં તેઓને ખોટી રીતે જાહેર (શહેર) માહિતી અધિકારી એમ.એમ.ભાભોર પક્ષકાર બનાવેલ છે. જે શહેરનું રેકર્ડ વર્ગીકરણ નહી કરેલ બાબતે તથા અરજદારને પ્રથમ અપીલના હુકમની અમલવારી નહિ કરેલ ગુજરાત રાજ્ય માહિતી આયોગ દ્વારા પેરા(૧૦) બાબતે ધ્યાને લેતા બીજી અધિકાર અધિનિયમ ૨૦૦૫ની કલમ ૧૮(૧) અનુસાર સમયસર માહિતી નિર્ણય પુરો નહિ પાડવા માટે જવાબદાર આથી ફરિયાદીને માહિતી આપવામાં નિષ્ફળતા બદલ એમ.એમ.ભાભોર જાહેર માહિતી અધિકારી અને શહેર મામલતદાર ગોધરા, જી.પંચમહાલને જવાબદાર ગણી માહિતી અધિકાર અધિનિયમની કલમ ૨૦(૧) અન્વયે રૂા.૧૦,૦૦૦નો દંડ કરવામાં આવેલનું ગુજરાત સરકાર માહિતી આયોગ કમિશનર વિધાન કે.એમ.અધ્યુ દ્વારા પ્રથમ પંચમહાલ જીલ્લાના ગોધરા શહેર મામલતદાર જાહેર માહિતી અધિકારી એમ.એમ. ભાભોર સામે હુકમ કરેલ છે.

# શહેરા તાલુકા પંચાયતના સભ્ય જે.બી. સોલંકી આત્મવિલોપન કરે તે પહેલા અટકાયત કરી કાર્યવાહી કરાઈ


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકા પંચાયત સદસ્ય જશવંત સિંહ સોલંકી બુધવારના રોજ આત્મવિલોપન કરે તે પહેલા પોલીસે તેમને ડીટેઈન કરીને કાર્યવાહી હાથધરી હતી. જોકે તાલુકા પંચાયત સદસ્ય વર્ક ઓર્ડર લાવ્યા હોય પણ ગ્રામ પંચાયત કચેરી ખાતે સરકારી તળાવ ઉંડુ કરવાનો ઠરાવ ન કરતા તેમને આનો સખત વિરોધ કર્યો હતો.

શહેરા તાલુકાના વલ્લભપુર ગામના સર્વે નંબર ૯૭૭ માં આવેલ તળાવ ઊંડું થાય અને ખેડૂતોને ખેતી માટે તેમજ પશુપાલકોના પશુઓને પાણી પીવા માટે મળી રહે તે માટે સુજલામ સુફલામ જળ અભિયાન ૨૦૨૩ હેઠળ તળાવ ઊંડુ કરવા માટે નો વર્ક ઓડર વાડી તાલુકા પંચાયત સદસ્ય જશવંતસિંહ બળવંતસિંહ સોલંકી દ્વારા લાવવામાં આવ્યો હતો. જ્યારે ગ્રામ પંચાયત કચેરીમાં મળેલ સામાન્ય સભામાં ઉપસ્થિત સરપંચ અને સભ્યોએ આવનાર ગ્રામસભામાં નિર્ણય લેવાનો નક્કી કરતા જેથી તાલુકા પંચાયત સભ્ય જે.બી.સોલંકીએ આનો સખત વિરોધ કરવા સાથે રજૂઆત માટે તાલુકા પંચાયત કચેરી ખાતે પહોંચીને આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી હતી. જેને લઈને પોલીસ તંત્ર પણ આ બાબતને લઈને એક્શનમાં આવી જવા સાથે વાડી તાલુકા પંચાયત સદસ્ય જશવંતસિંહ બળવંતસિંહ સોલંકી ના ઘરે વલ્લભપુર ખાતે પહોંચી જઈને તેમની તપાસ હાથ ધરી હતી. જોકે, પોલીસને તાલુકા પંચાયત સદસ્ય ઘરે મળી ન આવ્યા હતા. બુધવારના રોજ પોલીસ તંત્ર દ્વારા તાલુકા પંચાયત સદસ્ય જશવંતસિંહ સોલંકી ને આત્મવિલોપન કરતા રોકવા માટે તાલુકા પંચાયત કચેરી તેમજ મુખ્ય માર્ગો ઉપર પોલીસની અલગ અલગ ટીમો ગોઠવી દેવામાં આવી હતી. બસ સ્ટેશન પાસે ૧૧ વાગ્યાની આસપાસ પી.એસ.આઈ શૈલેષ ડામોર સહિતના સ્ટાફ દ્વારા તાલુકા પંચાયત સદસ્ય જશવંતસિંહ સોલંકી કાર લઈને આવતા ઉભા રાખીને તેમનો આત્મવિલોપન કરતા રોકીને તેમને પોલીસ મથક ખાતે લઈ ગયા હતા. પોલીસ દ્વારા વાડી તાલુકા પંચાયત સદસ્યને ડીટેઈન કરીને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

# હાલોલ-સાવલી વચ્ચે ખાખરીયા રેલવે ટ્રેક ઉપર હાલોલનાં યુવકના શરીરના ત્રણ ટુકડા મળતાં હાલોલ પંથકમાં ચકચાર

હાલોલ,

સાવલી-હાલોલ રોડ પર વડોદરા જીલ્લાની હદમાં આવેલા ખાખરીયા ગામની સીમમાંથી પસાર થતી વડોદરા-ગોધરા મુખ્ય રેલવે લાઈનના રેલવે ટ્રેક પર કપાઈ ગયેલો મૃતદેહ મળી આવ્યો હતો. હાલોલનો યુવક ગત સાંજે ઘરેથી નીકળ્યો હતો જે મોડી રાત્રિ સુધી પરત ન ફરતા તેની પત્નીએ તેના દિયરને જાણ કરી હતી. ભાભીએ જાણ કરતા શોધખોળ કરવા નીકળેલા પરીવારને મૃતદેહનાં ત્રણ ટુકડા રેલવે ટ્રેક ઉપર પડેલા હાથ લાગતા તેનાં પરીવાર દ્વારા યુવકના મૃતદેહ અંગેની જાણ સાવલી પોલીસને થતા સાવલી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી.સાવલી પોલીસે ઘટનાસ્થળે પહોંચી લાશના ટુકડા સહિતના મૃતદેહનો કબજો મેળવી સાવલીના જમનોત્રી સામુહિક આરોગ્ય કેન્દ્રમાં પીએમ અર્થે મોકલી આપ્યો છે. જમીને લે-વેચના ધંધા સાથે સંકળાયેલા જતીન દરજીએ રેલવે ટ્રેક પર આત્મહત્યા કરી છે કે પછી તેનું ઠંડા કાળજે કાસળ કાઢી નાખવામાં આવ્યું છે. તે અંગે પોલીસે સઘન તપાસ શરૂ કરી છે.

હાલોલ-સાવલી વચ્ચે ખાખરીયા રેલવે ટ્રેક ઉપર મળેલ હાલોલનો મૃતક યુવક પરિણીત છે.તેને હાલોલમાં જ ઈન્ટરકાસ્ટમાં લવ મેરેજ કર્યા હતા. સંતાનમાં અંદાજીત ૧૧ વર્ષની એક દીકરી અને ૫ વર્ષ જેટલી ઉંમરનો એક દીકરો છે. ભૂતકાળમાં તે એચ.ડી.એફ.સી બેન્કમાં નોકરી કરતો હતો. હાલોલ જીઆઈડીસીમાં પ્લાસ્ટિકના દાણા બનાવવાનો એક નાનો ઉદ્યોગ પણ શરૂ કર્યો હતો. પણ ઉદ્યોગમાં બરકત નાં આવતાં તેણે પોતાનો વ્યવસાય બદલી જમીનની લેવેચમાં જંપ લાવતાં હાલ તેણી જીવનશૈલીમાં ફેરફારો આવતાં જીવન સુખ મય હોવાની પણ તેની સાથેના મિત્રોએ જણાવ્યું કે, તેણે ખૂબ ખરાબ દોરમાં પણ મનોબળ નહતું ગુમાવ્યું. તે કોઈ મિત્રને મુકવા માટે સાવલી જઈ રહ્યો છે અને ૮:૦૦ વાગ્યા પછી તેનો મોબાઈલ બંધ થઈ ગયો હતો. જતીન મોડી રાત્રિ સુધી ઘરે પરત ન ફરતા તેની પત્નીએ જતીનના નાના ભાઈને ફોન કરીને જાણ કરી હતી.

# ધી પંચમહાલ મુસ્લિમ એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ તરીકે હાજી રફીક આલમ બહુમતી થી ચુંટાયાં



ગોધરા,

ગોધરાની નામાંકિત સંસ્થા ધી પંચમહાલ મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી મંડળનું ઈલેકશન સંસ્થાની આવેલ શાળા ધી ઈકબાલ યુનીયન હાઈસ્કૂલ ખાતે યોજવામાં આવ્યું હતું. જેમાં આજ રોજ રસાકસી નો માહોલ જોવા મળ્યો હતો સંસ્થા ના કુલ ૧૯૬ સભ્યો માંથી ૧૮૭ સભ્યો એ મતદાન કર્યુ હતું. જેમાં હાજી રફીક આલમ ૧૨૩ મતે પ્રમુખ તરીકે ચુંટાય આવ્યા હતા સેક્રેટરી તરીકે એડવોકેટ યુસુફ ચરખા બીનહરીફ ચુંટાયાં હતાં. પ્રથમ ઉપપ્રમુખ તરીકે અલ્તાફભાઈ ચરખાને ૧૧૯ મતે ચુંટાયાં હતા તેમજ બીજા ઉપપ્રમુખ તરીકે અનવર સીંધી ૯૯ મતે ચુંટાયાં હતા. જોઈન્ટ સેક્રેટરી તરીકે મહેફુઝભાઈ ઘંત્ય ૧૦૭ મતે રીપીટ થયાં છે, તેઓ અગાઉ ૬ વષે જોઈન્ટ સેક્રેટરી તરીકે ચુંટાય આવ્યા છે. ફઝલે ઈલાહી ચરખા પ્રથમ ટ્રસ્ટી તરીકે ૧૩૨ મત મેળવેલ છે. બીજા ટ્રસ્ટી તરીકે એહમદ હુસેન રલીયા એ ૧૦૯ મત મેળવી ચુંટાય આવેલ છે, જ્યારે પ્રથમ ટ્રેઝર તરીકે જુનેદ દડી એ ૧૨૬ મત મેળવ્ય હતા અને બીબીજા ટ્રેઝર તરીકે શાકીર પટેલે ૮૬ મત મેળવી વિજય પ્રાપ્ત કર્યો હતો. કારોબારીના ૨૨ સભ્યો માંથી ૧૮ સભ્યો ચૂંટાયા હતા સંસ્થામાં નવનિયુકત ચુંટાયેલા પ્રમુખ, ઉપપ્રમુખ, સેક્રેટરી, હોદ્દેદારો તેમજ સભ્યોને રૂહુલઅમીન હઠીલા (એડવોકેટ) શોએબ દલ, અનસ પઠાણ, શોએબ મલા (વકીલ) રમઝાની જુઝારા (વકીલ) શાહ ફેસલ ખરાદી કાસીમ આલમ, ઈરશાદ મામજી સહીતના શુભેચ્છકોએ શુભેચ્છાઓ પાઠવી હતી.




# પંચમહાલ જીલ્લા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે વિશ્વ તમાકું નિષેધ દિવસની ઉજવણી કરાઈ



ગોધરા,

પંચમહાલ જીલ્લા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા વિશ્વ તમાકુ નિષેધ દિવસની ઉજવણી કરાઈ હતી. બી.આર.જી.એફ.ભવન, જીલ્લા પંચાયત પંચમહાલ ગોધરા ખાતે વિશ્વ તમાકુ નિષેધ દિવસની ઉજવણી તથા નશામુકત ભારત અભિયાનનો શુભારંભ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ પંચમહાલ ગોધરા, પ્રજાપિતા બ્રહમાકુમારી વિશ્વ વિદ્યાલય, સિવિલ હોસ્પિટલ ગોધરા તથા નશાબંધી અને આબકારી વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો શુભારંભ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.જે.પી. પરમાર, મુખ્ય જીલ્લા તબીબી અધિકારી ડો.પિનલ ગાંધી, ડો.રાવ, આર.એમ.ઓ. સિવિલ હોસ્પિટલ ગોધરા, મનોચીકીત્સક ડો. મયુર પટેલ તથા પ્રજાપિતા બ્રહમાકુમારી વિશ્વ વિદ્યાલયના શૈલેષભાઈ અને રતનબેન, ઈલાબેન દ્વારા દિપ પ્રગટાવી કરવામાં આવ્યું હતું. પ્રજાપિતા બ્રહમાકુમારી વિશ્વ વિદ્યાલયના શૈલેષભાઈ અને રતનબેન, ઈલાબેન દવારા તમાકુ તેમજ વ્યસનથી થતી શારીરિક બિમારીઓ કૌટુંબીક કલેશ સામાજીક અને આર્થિક રીતે નુકશાન, મેન્ટલ ડીપ્રેશન અને આ કારણોથી બીજા વ્યકિતઓ અને બાળકોના આરોગ્ય પર થતી જોખમી અસરો વિશે માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.જે.પી.પરમાર, એપેડેમીક મેડીકલ ઓફિસર ડો. બી. કે. પટેલ, ડિસ્ટ્રીકટ કવોલીટી એશ્યોરન્સ મેડીકલ ઓફિસર ડો. પ્રદિપ એસ. ભુરીયા, જીલ્લા મેલેરીયા અધિકારી ડો. આર. બી. પટેલ એ તમાકુના વ્યસનથી અને નશીલા પદાર્થોના સેવનની લત-આદતો માંથી બહાર આવવા માટે વ્યકિતના ર્દઢ નિશ્ચય અંગે તેમજ સિવિલ હોસ્પિટલ ગોધરા ખાતે ચાલતા વ્યસન મુકત સેન્ટર (સીજેસન) વિશે પણ ઉપસ્થિતોને માહિતી આપવામાં આવી હતી. એસ.બી.સી.સી. ટીમના તમામ સભ્યો અને મ.પ.હે.વ., સી.એચ.ઓ. અને તમામ આરોગ્ય સ્ટાફને તમાકુ સેવનથી મુકત રહેવા માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. કાર્યક્રમના અંતે નશા મુકત ભારત અભિયાન અંગેના રથનું પ્રસ્થાન મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી તેમજ બ્રહમાકુમારી વિશ્વ વિદ્યાલયના શૈલેષભાઈ અને રતનબેન તથા ઈલાબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

# પંચમહાલ જીલ્લામાં ધો.૧૨ સામાન્ય પ્રવાહનું ૬૪.૬૭ ટકા પરિણામ આવ્યું

ગોધરા,

રાજ્યમાં માર્ચ-૨૦૨૩માં ધો.૧૨ સામાન્ય પ્રવા, બુનિયાદી પ્રવાહના પરિણામો જાહેર કરવામાં આવ્યા. આજે જાહેર થયેલ સામાન્ય પ્રવાહના પરિણામોમાં પંચમહાલ જીલ્લાનું ૬૪.૬૭ ટકા પરિણામ આવ્યું.

પંચમહાલ જીલ્લામાં ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૪,૨૨૪ નોંધાયેલ વિદ્યાર્થીઓ હતા. તે પૈકી ૧૪,૧૩૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આજરોજ જાહેર થયેલ પરિણામોમાં જીલ્લાનું ૬૪.૬૭ ટકા પરિણામ આવ્યું છે. જેમાં ૯૧૪૧ વિદ્યાર્થી પાસ થયા. જ્યારે ૫૦૮૩ વિદ્યાર્થી નાપાસ થયા છે. જીલ્લાનું ગ્રેડ મુજબ પરિણામ જોઈએ તો એ-૧ ગ્રેડમાં ૭ વિદ્યાર્થીઓ, એ-૨ ગ્રેડમાં ૨૫૧ વિદ્યાર્થીઓ, બી-૧ ગ્રેડમાં ૧૧૬૩૯ વિદ્યાર્થી, બી-૨ ગ્રેડમાં ૨૩૫૧, સી-૧ ગ્રેડમાં ૨૯૦૪, સી-૨ ગ્રેડમાં ૨૧૪૨ વિદ્યાર્થી, ડી ગ્રેડમાં ૩૧૪ અને ઈ-૧ ગ્રેડ ૩ વિદ્યાર્થી મેળવેલ છે.

# ગોધરા APMCના ખેડુત વિભાગ માટે મતદાર યોજાયું : શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થયું

ગોધરા,

ગોધરા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખાતે ખેડુત વિભાગનું મતદાર યોજાયું હતું. ૧૦ બેઠક માટે યોજાયેલ મતદાન માટે મતદારોમાં ઉત્સાહ જોવા મળ્યો. ગોધરા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સામાન્ય ચુંટણી યોજાઈ હતી. અગાઉ સહકારી વિભાગ અને વેપારી વિભાગ બિનહરીફ જાહેર થયો હતો. જેને લઈ ખેડુત વિભાગની ૧૦ બેઠકો માટે આજે એપીએમસી મતદાન યોજાયું હતું. ૧૦ બેઠકો માટે ૨૪૫ મતદારો મતદાન કરવાના હોય જેથી મતદારો પણ ઉત્સાહ સાથે મતદાન માટે કતારોમાં લાગ્યા હતા. ખેડુત વિભાગનું મતદાન શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થયું.

# રાત્રે દોઢ વાગે IPLની મેચ જોઈ ઘરેથી એક્ટિવા લઈને નીકળેલ હાલોલના યુવાનની લાશ કેનાલમાંથી મળી



હાલોલ,

પંચમહાલ જીલ્લાના હાલોલ માં ઉત્સવકુમાર શૈલેષભાઈ શાહ કે જે મધરાત્રે દોઢ વાગ્યાના અરસામાં IPLની મેચ જોઈ મોબાઈલ ઘરે મુકી એક્ટિવા લઈને ઘરેથી નીકળ્યો હતો. જે મોડા સુધી ઘરે પરત નાં આવતાં પરિવારજનો હાલોલ નગરમાં તપાસ કરી હતી, પરંતુ ઉત્સવ મળી આવ્યો ન હતો. ત્યારબાદ પરિવાર જનોએ હાઈવે રોડની હોટલોમાં તપાસ કરતા કરતા વાઘોડીયા તાલુકાના હાલોલ જરોદ ટોલરોડની મધ્યમાં ખંડીવાડા ગામ નજીક પસાર થતી નર્મદા કેનાલ ઉપર આવ્યાં હતાં. જ્યાં કેનાલના બ્રિજ પાસે ઉત્સવકુમાર જે એક્ટિવા લઈને ઘરેથી નીકળ્યો હતો. તે એક્ટિવા મળી આવી હતી. ચાવી પણ એક્ટિવામાં હોવાથી શંકા ગઈ હતી કે ઉત્સવકુમાર નર્મદા કેનાલનાં પાણીમાં કુદી તો નથી પડ્યો ને. જેથી સવાર સુધી તે લોકોએ કેનાલની આસપાસનાં વિસ્તારમાં ઉત્સવકુમારની તપાસ કરી પણ મળી આવ્યો ન હતો. ત્યારબાદ સવારે સ્થાનિક પોલીસ તેમજ વડોદરા ફાયર બ્રિગેડને જાણ કરતાં ફાયર બ્રિગેડની ટીમ કેનાલ ઉપર આવી પહોંચી હતી. ફાયર બ્રિગેડની ટીમને અડધો કલાકમાં ઉત્સવકુમારની લાશ સરનેજ (તા.વાઘોડીયા) ક્રોસિંગ ગેટ નજીકથી મળી આવી હતી. જરોદ પોલીસે લાશને જરોદ રેફરલ હોસ્પિટલમાં પોસ મોર્ટમ માટે મોકલી આપી. ઉત્સવ કયા કારણોસર નર્મદા કેનાલના પાણીમાં કુદી પડ્યો તે બાબતે તપાસ હાથ ધરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.